સુવિચાર

જીવન તમને હંમેશા બીજો મોકો જરૂર આપે છે, જેને આપણે ઉગતી સવાર તરીકે ઓળખીયે છીએ...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




ભોમેશ્વરમાં બાબજી એવન્યુની અગાસી પરથી વ્હોરા યુવકની લાશ મળીઃ હત્યા કે આત્મહત્યા?
P-4

Year-16, Issue-227 ■ DATE : 07-01-2026 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# એકવાર અનામતનો લાભ મેળવનારનો જનરલ કેટેગરીમાં હક્ક રહેશે નહીંઃ સુપ્રીમ

## એક જ સપ્તાહમાં અનામત અંગે વધુ એક મહત્વપૂર્ણ ચુકાદોઃ સામાન્ય શ્રેણી કરતા વધુ મેરીટ હોય તો પણ અનામતનો લાભ લેનાર સ્વીચ - ઓફ - ઓન થઈ શકે નહી



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અનામત અંગે એક અઠવાડિયામાં બે મહત્વના ચૂકાદાથી સુપ્રીમકોર્ટ સ્થિતિ અત્યંત સ્પષ્ટ કરી છે. અગાઉ ગત સપ્તાહે સુપ્રીમે તેના ચુકાદામાં અનામત વર્ગમાં આવતા લાભાર્થી મેરીટના ધોરણે જનરલ કેટેગરીમાં પણ સ્પર્ધા કરી શકશે તે નિશ્ચિત કર્યા બાદ તુર્તજ એક વધુ ચુકાદામાં સ્પષ્ટ કર્યુ છે કે એક વખત કોઈપણ રીતે અનામતનો લાભ મેળવ્યો હોય તો બાદમાં તે જનરલ કેટેગરીમાં 'સ્વીચ' થઈ શકશે નહી.

આમ એકવાર કવોટા-અનામતનો લાભ મેળવનારને પછી સામાન્ય સીટ પર હકક રહેશે નહી. આ રીતે સુપ્રીમ કોર્ટે અનામતને લઈને મંગળવારે એક ઐતિહાસિક અને દૂરગામી ચુકાદો આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે જો સંઘ લોક સેવા આયોગ જેવી પરીક્ષામાં કોઈ ઉમેદવારે કોઈ પણ તબક્કે અનામતનો લાભ લીધો હોય, તો તે સામાન્ય શ્રેણીની બેઠકો પર નિમણૂક મેળવવાનો હકદાર નથી, ભલે પછી તેનો અંતિમ મેરિટ સ્કોર સામાન્ય શ્રેણીના ઉમેદવાર કરતાં વધારે કેમ ન હોય.

જસ્ટિસ જે.કે. માહેશ્વરી અને જસ્ટિસ વિજય બિશ્નોઈની બેન્ચે કેન્દ્ર સરકારની અપીલ સ્વીકારતા કર્ણાટક હાઈકોર્ટના નિર્ણયને રદ કરી દીધો છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, ''એકવાર કોઈ અનામત શ્રેણીના ઉમેદવારે અનામતનો લાભ લઈ લીધો હોય, તો તેને સામાન્ય શ્રેણીની ખાલી જગ્યાઓ/સીટો પર નિયુક્ત કરી શકાશે નહીં.''

કોર્ટે ભારપૂર્વક જણાવ્યું કે મુખ્ય પરીક્ષામાં સામેલ થવા માટે અનામતનો લાભ ઉઠાવ્યા બાદ, ઉમેદવાર પાછળથી માત્ર એટલા માટે સામાન્ય સીટ પર પસંદગીનો દાવો ન કરી શકે કે તેણે પછીના તબક્કાઓમાં સામાન્ય શ્રેણીના ઉમેદવાર કરતાં વધુ સારો દેખાવ કર્યો હતો.

આ વિવાદની શરૂઆત UPSC દ્વારા ૨૦૧૩માં લેવાયેલી ભારતીય વન સેવા પરીક્ષાથી થઈ હતી. આ પરીક્ષાના પ્રારંભિક તબક્કામાં, સામાન્ય શ્રેણી માટે કટ-ઓફ ૨૬૭ માર્ક્સ હતું, જ્યારે અનુસૂચિત જાતિના ઉમેદવારો માટે તે ૨૩૩ માર્ક્સ હતું.

આ પરીક્ષામાં, SC શ્રેણીના ઉમેદવાર જી. કિરણ એ ૨૪૭.૧૮ માર્ક્સ મેળવ્યા હતા અને SC માટેના નીચા કટ-ઓફનો લાભ લઈને મુખ્ય પરીક્ષા માટે ક્વોલિફાય થયા હતા. જ્યારે સામાન્ય શ્રેણીના ઉમેદવાર એન્ટની એસ. મારિયપ્પા એ ૨૭૦.૬૮ માર્ક્સ સાથે જનરલ કટ-ઓફ પર ક્વોલિફાય કર્યું હતું.

પરીક્ષાના અંતિમ પરિણામમાં, જી. કિરણ (SC ઉમેદવાર)નો રેન્ક ૧૯મો હતો, જ્યારે એન્ટની (જનરલ ઉમેદવાર)નો રેન્ક ૩૭મો હતો. જોકે, જ્યારે કેડર ફાળવણીનો સમય આવ્યો, ત્યારે કર્ણાટકમાં માત્ર એક જ 'જનરલ ઇનસાઇડર' ખાલી જગ્યા હતી અને કેટેગરી માટે કોઈ 'ઇનસાઇડર' ખાલી જગ્યા ન હતી. આ સ્થિતિમાં, કેન્દ્ર સરકારે નિયમ મુજબ જનરલ ઇનસાઇડર પોસ્ટ એન્ટનીને આપી અને ઊંચો રેન્ક હોવા છતાં જી. કિરણને તમિલનાડુ કેડરમાં મોકલ્યા.

કેન્દ્ર સરકારના આ નિર્ણય સામે જી. કિરણે કર્ણાટક હાઈકોર્ટમાં અરજી કરી હતી. હાઈકોર્ટે કિરણનો અંતિમ રેન્ક ઊંચો હોવાથી તેને જનરલ કેટેગરીમાં નિયુક્ત કરવાનો આદેશ આપ્યો હતો.

કેન્દ્ર સરકારે આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. હવે, સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના આદેશને રદ કરીને સ્પષ્ટ કર્યું છે કે જો પરીક્ષાના કોઈપણ તબક્કે અનામતનો લાભ લેવામાં આવ્યો હોય, તો ઉમેદવાર પાછળથી સામાન્ય શ્રેણીની સીટ પર દાવો કરી શકે નહીં

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૨૮/લીટર |
| ડીઝલ | રૂ. ૮૯.૯૬/લીટર |
| CNG | રૂ. ૭૭.00/કિલો |






| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૩૮,૮૮૦ | ₹૨,૫૩,૧૦૦ |
| | +૧૦ | +૧૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૦.૧૯ | ₹૧૨૧.૯૦ |

# ચાંદી પર હોલમાર્કિંગ ફરજીયાત બનશે



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ચાંદીના આસમાને પહોંચેલા ભાવ વચ્ચે હોલમાર્કવાળા ચાંદીના દાગીનાની માંગમાં વધારો થયો હોવાથી કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં કેટલાક શહેરોમાં હોલમાર્કવાળા ચાંદીના દાગીનાનું વેચાણ ફરજિયાત બનાવવાની તૈયારી કરી રહી છે.

નોંધનીય છે કે, ૧ સપ્ટેમ્બરથી ચાંદીના દાગીનાની સ્વૈચ્છિક હોલમાર્કિંગ ઓળખ શરૂ થઈ ત્યારથી ૨૩ લાખ હોલમાર્કવાળા ચાંદીના દાગીના વેચાયા છે. બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સના ૭૯મા સ્થાપના દિવસની ઉજવણી બાદ મીડિયા સાથે વાત કરતા, BISના ડાયરેક્ટર જનરલ સંજય ગર્ગે જણાવ્યું હતું કે. ચાંદીના હોલમાર્કિંગ સોના કરતાં વધુ પડકારજનક છે.

BIS સોનાના હોલમાર્કિંગને ફરજિયાત બનાવતી વખતે ઉદ્ભવતા પડકારોનો પણ અભ્યાસ કરી રહ્યું છે. સંજય ગર્ગે જણાવ્યું હતું કે સોનાના ફરજિયાત હોલમાર્કિંગની જેમ, કેટલાક શહેરોમાં પાયલોટ પ્રોજેક્ટ હેઠળ હોલમાર્કવાળા ચાંદીના દાગીનાનું વેચાણ ફરજિયાત બનાવવામાં આવી શકે છે.

# ચૂંટણી પંચે ૪૪ લાખ લોકોને નોટીસ ફટકારી

## 'SIR' પ્રક્રિયામાં મીસમેચ થતા ચૂંટણી પંચની લાલ આંખ



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં 'સર'ની પ્રક્રિયામાં હવે વધુ એક વખત બીએલઓ તમારા દ્વારે ટકોરા મારી શકે છે. તમો એકલા જ નહી હો. ગુજરાતના ૪૪ લાખ લોકોના નિવાસે પંચના નિયુક્ત કરેલા આ બુથ લેવલના અધિકારી જશે. આ એવા લોકો છે જેઓએ મતદાર યાદીના ગહન પુનનિરીક્ષણ (સર)ની કાર્યવાહી સમયે પોતાના જે ફોર્મ ભર્યા છે તેમાં માહિતીમાં વિસંવાદીતા છે અને તેથી તેની ખરાઈ કરવા ચુંટણી પંચના અધિકારીઓ આવશે.

ચુંટણી પંચના સૂત્રોના જણાવ્યા મુજબ ૪૪ લાખ લોકોને આ પ્રકારે નોટીસ પાઠવવામાં આવી છે તેમાં મોટા ભાગના શહેરી ક્ષેત્રના છે અને હવે આખરી યાદી પ્રસિદ્ધ કરતા પુર્વે આ નામોની ખરાઈ થશે અને ચુંટણીપંચને સંતોષ થશે તો જે તે નામ મતદાર યાદીમાં આવશે. આમ પંચે જે 'સર'ની પ્રક્રિયા શરૂ કરી છે તેનો છેલ્લો અને મહત્વપૂર્ણ તબકકો હવે શરૂ થાય છે. પંચના ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ આ પ્રકારે નોટીસ મેળવવામાં અમદાવાદના ૯.૧૪ લાખ 'મતદારો' છે.

જેમાં મુખ્ય બાબત એ છે કે, જેઓએ ૨૦૦૨ની મતદાર યાદીમાં તેમના માતા-પિતાના નામ હોય તે નિશ્ચીત કર્યુ નથી. નોટીસ કહે છે કે તેઓએ તમારી કે તમારા સંબંધ (માતા-પિતા) ની ૨૦૦૨ની મતદાર યાદીમાં નામ હોવા અંગેની માહિતી સામેલ નથી. ૨૦૦૨માં આ પ્રકારની 'સર'ની કવાયત યોજાઈ હતી તેથી તેને આધાર બનાવાયો છે.

આ પ્રકારના 'મીસમેચ'ના કારણે શકય છે કે ખોટુ લીકેજ (સંબંધીના નામ અંગે) દર્શાવાયું હોય તો તમો આ નોટીસ આપનાર અધિકારી સમક્ષ ચુંટણી પંચના માન્ય દસ્તાવેજો સાથે રજુ થશો! જેથી તમારુ નામ મતદાર યાદીમાં જાળવી શકાશે. આ માન્ય દસ્તાવેજોની યાદી જે તે નોટીસ સાથે જ આપવામાં આવી છે. જો કે શકય છે કે અગાઉ નિશ્ચિત કરાયેલા સ્થળ જે મુખ્યત્વે જે તે વિસ્તારના મતદાન મથક છે ત્યાં જ આ પ્રકારના દસ્તાવેજો રજુ કરવા માટે સમય આપવામાં આવશે.

આમ જે મતદાર ફોર્મમાં વિસંવાદીતા જોવા મળી છે. તેઓને આ નોટીસ પાઠવવામાં આવી છે. જેમાં મતદારે પોતાની જન્મ સર્ટી અને કેટલાક કેસમાં રહેવાસીના પુરાવા રજુ કરવા પડશે.

અગાઉ તા.૨૦થી જે તબકકો શરૂ થયો હતો તેમાં બીએલઓએ જાતે જે તે નિવાસની મુલાકાત લઈને મતદાર પાસેથી માન્ય દસ્તાવેજો મેળવવા પ્રયાસ કર્યા હતા.

આમ નોટીસ આપ્યા વગર પણ પંચે આ રીતે દસ્તાવેજો મેળવવાનું નિશ્ચિત કર્યુ છે પણ ચુંટણીપંચ કહે છે એકપણ સાચો મતદાર જે તે વિસ્તારની મતદાર યાદીમાં રહી ન જાય તે જોવાનો શ્રેષ્ઠ પ્રયાસ હશે.

અનેક સ્થળોએ બીએલઓએ સોસાયટી મેનેજમેન્ટ સાથે પણ સહયોગ કરી તે સોસાયટીમાં વસતા મતદારોના વેરીફીકેશન કર્યા છે અને જેઓએ આ પ્રકારના દસ્તાવેજો આપ્યા છે તેઓએ ચિંતા કરવાની જરૂર નથી અને જેઓને નોટીસ મળી નથી તેઓએ પણ પંચની વેબસાઈટ પર તેના નામની ખરાઈ કરી શકે છે.

# વડાપ્રધાનના ગુજરાત પ્રવાસને પગલે પોલીસતંત્ર એલર્ટ, ૧૨ જાન્યુઆરી સુધી તમામ રજાઓ કેન્સલ

આગામી ૧૦થી ૧૫ જાન્યુઆરી દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના વિવિધ શહેરો અને જિલ્લાઓની મુલાકાતે આવશે. જેને પગલે સુરક્ષા વ્યવસ્થામાં કોઈ ચૂક ન રહે તે માટે પોલીસ વિભાગ દ્વારા આદેશ જારી કરાયો છે. જેમાં ના હુકમ અનુસાર, આગામી ૭ જાન્યુઆરી ૨૦૨૬થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૬ સુધી રાજ્યના તમામ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની તમામ પ્રકારની રજાઓ કેન્સલ કરવામાં આવી છે. મહત્ત્વનું છે કે, ડીજીપી દ્વારા આપવામાં આવેલા જાહેરનામા મુજબ, અનિવાર્ય સંજોગો સિવાય કોઈપણ પોલીસકર્મીને રજા આપવામાં આવશે નહીં. વધુમાં, જે અધિકારીઓ કે કર્મચારીઓ હાલમાં રજા પર છે, તેઓને પણ વડાપ્રધાનના બંદોબસ્તને ધ્યાને લેતા તાત્કાલિક રજા પરથી પરત ફરી પોતાની ફરજ પર હાજર થવા માટે કહેવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, સોમનાથ, રાજકોટ અને અમદાવાદ જેવા શહેરોમાં વડાપ્રધાનના વિવિધ કાર્યક્રમો યોજાનાર હોવાથી સમગ્ર રાજ્યનું પોલીસતંત્ર આ સમયગાળા દરમિયાન ખડેપગે રહેશે.

# સરકારી કર્મચારીઓ માટે ગુડ ન્યૂઝઃ મોંઘવારી ભથ્થું જાન્યુઆરીમાં વધીને ૬૦% થવાની શક્યતા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્ર સરકારના લાખો કર્મચારીઓ અને પેન્શનધારકો માટે નવા વર્ષની ભેટ તૈયાર છે. જાન્યુઆરી ૨૦૨૬થી મોંઘવારી ભથ્થા અને મોંઘવારી રાહતમાં ૨ ટકાનો વધારો થવો લગભગ નિશ્ચિત માનવામાં આવી રહ્યો છે. આ વધારા બાદ કર્મચારીઓનો DA 58%થી વધીને ૬૦% થઈ જશે.

લેબર બ્યુરો દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર ડેટા અનુસાર, કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થાની ગણતરી માટેના મુખ્ય આધાર એવા 'ઓલ ઈન્ડિયા કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સ'માં નવેમ્બર ૨૦૨૫ દરમિયાન ૦.૫ પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો છે, જેનાથી આ આંકડો હવે ૧૪૮.૨ પર પહોંચી ગયો છે.

૭મા પગાર પંચના નિર્ધારિત નિયમો મુજબ, મોંઘવારી ભથ્થું છેલ્લા ૧૨ મહિનાના ગ્રાહક ભાવ સૂચકાંકના સરેરાશ આધારે નક્કી કરવામાં આવે છે. નિષ્ણાતોના મતે, જુલાઈથી નવેમ્બર ૨૦૨૫ સુધીના સતત વધતા આંકડાઓને જોતા અત્યારે ૫૯.૯૩%ની સપાટીએ પહોંચ્યું છે. આ સ્થિતિ સ્પષ્ટ કરે છે કે જો આગામી ડિસેમ્બર મહિનાનો ઈન્ડેક્સ સ્થિર રહે અથવા તેમાં સામાન્ય ઘટાડો થાય તો પણ, સરેરાશ મોંઘવારી ભથ્થું ૬૦%થી નીચે જવાની કોઈ શક્યતા નથી, જે કર્મચારીઓ માટે પગાર વધારાના સ્પષ્ટ સંકેત આપે છે. સરકારની પ્રવર્તમાન નીતિ અનુસાર, મોંઘવારી ભથ્થાની ગણતરી હંમેશા પૂર્ણાંકમાં કરવામાં આવે છે, જેનો અર્થ છે કે જો ગણતરી મુજબનો આંકડો ૬૦.૦૧%થી લઈને ૬૦.૯૯%ની વચ્ચે હોય તો પણ તેને સત્તાવાર રીતે ૬૦% જ માન્ય રાખવામાં આવે છે. આ નવો વધારો ૧ જાન્યુઆરી, ૨૦૨૬થી અમલી બનશે, જોકે તેની સત્તાવાર જાહેરાત અને નોટિફિકેશન સરકારી પ્રક્રિયાઓને કારણે સામાન્ય રીતે માર્ચ અથવા એપ્રિલ મહિનામાં બહાર પાડવામાં આવે છે. આ સંજોગોમાં, જાન્યુઆરી મહિનાથી લઈને જાહેરાત થાય ત્યાં સુધીના સમયગાળાનો તફાવત કર્મચારીઓને 'એરિયર્સ'(બાકી રકમ) તરીકે એકસાથે ચૂકવવામાં આવશે, જે હોળી કે ઉનાળાના વેકેશનના સમયે કર્મચારીઓ માટે આર્થિક રાહત સમાન બની રહેશે. આ વધારો એટલે પણ ખાસ છે કારણ કે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે ૮મા પગાર પંચ પણ વર્ષ ૨૦૨૬થી લાગુ થઈ શકે છે. જો આવું થાય, તો કર્મચારીઓના પગાર માળખામાં મોટો ફેરફાર જોવા મળી શકે છે.

# રૂ.૨૦૦ કરોડનાં ફોરેક્સ-ગોલ્ડ ટ્રેડિંગ કૌભાંડનો પર્દાફાશઃ ૭ની ધરપકડ

**મુખ્ય સમાચાર, મુંબઇ**

મેટ્રિમોનિયલ સાઈટ અનુ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા લોકોનો વિશ્વાસ જીતીને છેતરપિંડી કરનારા એક મોટા આંતરરાષ્ટ્રીય સિન્ડિકેટનો પોલીસે પર્દાફાશ કર્યો છે. સેંકડો લોકોને ઓનલાઈન ફોરેક્સ અને ગોલ્ડ ટ્રેડિંગમાં વિવિધ સ્કીમમાં રોકાણને બહાને રૂ.૨૦૦ કરોડથી વધુની છેતરપિંડી કરાઈ હતી. પોલીસે આંતરરાષ્ટ્રીય ગેંગના સાત આરોપીને ઝડપી લીધા છે.એમ એક અધિકારીએ જણાવ્યું હતું

આ છેતરપિંડી અંગે મહારાષ્ટ્રના ૧૮, દિલ્હીમાં ૭, કર્ણાટકમાં ૭, ઉત્તર પ્રદેશમાં ત્રણ, તેલંગણામાં ચાર, મધ્ય પ્રદેશમાં ૩, હરિયાણામાં ૩, પમિ બંગાળમાં બે, રાજસ્થાનમાં એક, ગુજરાતમાં એક, ઉત્તરાખંડમાં એક, ગોવામાં એક સ હિત ૫૧ કેસ નોંધાયા છે. પોલીસને શંકા છે કે મુખ્ય સૂત્રધાર દેશની બહારથી આ રેકેટ ચલાવી રહ્યો હતો.

મીરા-ભાઈંદર, વસઈ-વિરાર પોલીસ કમિશનર નિકેત કૌશિકે જણાવ્યું હતું કે સાયબર છેતરપીંડી કરનારાઓને લગ્નની વેબસાઈટસ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા વિશ્વાસ મેળવીને પીડિતોને નિશાન બનાવ્યા હતા. ટોળકીએ તેમને ફેક સ્કીમમાં રોકાણ કરવાની લાલચ આપી હતી.

ગત ૧૨ નવેમ્બરે પોલીસ ટીમે છેતરપિંડીની ફરિયાદની તપાસ કરતી વખતે મુંબઈ-અમદાવાદ હાઈવે પર શિવસાઈ રેસિડેન્સી લોજ અને બોર્ડિંગ પર દરોડો પાડ્યો હતો. આ કૌભાંડમાં રોશનકુમાર સિયારામા શેટ્ટી, સાબિર મોહમ્મદ ખાન, સનદ સંજીવ દાસ, રાહુલ કુમાર ઉર્ફે કૈલાશ રાકેશકુમાર, આમિર કદમટ્ટ શેરખાન, અભિષેક અનિલ નારકર ઉર્ફે ગોપાલ, મોહમ્મદ રશિદ ફકીર મોહમ્મદ? બલોચ ઉર્ફે લક્કીને ઝડપી લેવામાં આવ્યા હતા. આરોપી ઓનલાઈન છેતરપિડીની રકમ પોતાના ખાતામાં ડાયવર્ટ કરતા હતા. આમ તેઓ મનીલોન્ડરિંગ અને કરચોરી માટે બેન્ક ખાતા પૂરા પાડતા હતા.છેતરપિડીની રકમ ઘણીવાર ભારતની બહાર મોકલવામાં આવતી હતી. પોલીસ કમિશનરે જણાવ્યું હતું કે સાત મુખ્ય શકમંદો જ્યુશિયલ કસ્ટડીમાં છે. પરંતુ તપાસમાં સૂચવવામાં આવ્યું છે કે માસ્ટર માઈન્ડસ વિદેશથી રેકેટ ચલાવી રહ્યા હતા.વિદેશી હેન્ડલર્સની માહિતી મેળવવા માટે વિવિધ રાજ્ય પોલીસ વિભાગો અને સાયબર પોલીસ સાથે તપાસ કરી રહ્યા છીએ, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

# રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં બર્ફીલા પવનનું આક્રમણ યથાવત

## ભુજમાં ૧૧.૮, ડિસામાં ૧૨, જુનાગઢ - જામનગર - અમદાવાદમાં ૧૩ ડિગ્રી તાપમાન નોંધાયું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આજે પણ સવારે બર્ફીલા પવનોનું આક્રમણ યથાવત રહ્યું હતું. આ સાથે તિવ્ર ઠંડી પણ જળવાઇ રહી હતી. સવારમાં ૯ ૬ થી ૮ કિ.મી.ની ઝડપે ઉત્તર-પૂર્વનાં પવનો ફુંકાતા લોકો ઠુંઠવાયા હતા. સવારનાં ભાગે લોકો ગરમ વસ્ત્રોમાં લપટાયેલા નજરે પડતા હતા.

આજે પણ ૯ ડિગ્રી સાથે નલિયા અને અમરેલી સૌથી ઠંડા શહેરો રહ્યા હતા. જયારે રાજકોટ શહેરમા ૧૦.૫, તો જુનાગઢ શહેરમાં ૧૩.૫ અને ગિરનાર પર્વત ઉપર ૮.૫ ડિગ્રી સાથે કડકડતી ઠંડી અનુભવાઇ હતી.

વધુમાં સૌરાષ્ટ્રમાંથી મળતા અહેવાલો મુજબ અમરેલી શહેર સહિત સમગ્ર જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયાથી કોલ્ડનવેવની અસર હોય ભારે પવન સાથે કડકડતી ઠંડીમાં લોકો ઠુંઠવાયા છે. ત્યાડરે આજે વ્હે-લી સવારે અમરેલી જિલ્લામાં ચાલું સિઝનમાં ફરી એક વખત ઠંડીમાં નોંધપાત્ર વધારો જોવાં મળ્યો છે. આજે અમરેલી ૯ ડિગ્રી જેટલું નીચું તાપમાન તાપમાન નોંધાયું છે.

ગઇકાલે પણ દિવસભર હવામાન ઠંડુગાર રહેતા અને રાત ઢળતા જ ઠંડી વધી જતાં શહેરના વેપારીઓ પણ રાત્રે વહેલાસર ધંધા રોજગાર આટોપી અને ઘર તરફ નીકળી ગયા હતા. ત્યારે આજે અમરેલી ખાતે મહત્તમ તાપમાન ૨૮-૯ લઘુત્તમ તાપમાન ૯-૦ ભેજનું પ્રમાણ ૬૮ ટકા અને પવનની ગતિ ૧-૨ કિ.મી. નોંધાયેલ છે.

જયારે જુનાગઢ શહેર અને જીલ્લામાં જાન્યુઆરીના પ્રથમ અઠવાડિયામાં શિયાળાનો અનુભવ થઇ રહ્યો છે. છેલ્લા ચાર દિવસથી શિયાળો જામતો જાય છે. આજે સવારે જુનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં નોંધાયેલા તાપમાન મુજબ મેકસીમમ પારો ૧૪.૪ ડિગ્રીએ ઉંચે જવા પામ્યો હતો. જે ઘટીને ૧૩.૫ ડિગ્રીએ નીચે નોંધાયો છે.

ગિરનાર પર્વત ઉપર ૮.૫ ડિગ્રીએ પારો નીચે જતા સાથે પવનના સુસવાટાના કારણે બર્ફીલા પવનની ગતિ પ્રતિ કલાક વધીને ૫ કિ.મી.ની નોંધાતા પ્રવાસીઓ ઠુંઠવાયા છે. વાતાવરણમાં ભેજ ૭૦ ટકા નોંધાયો હતો.

# વિમા કંપનીઓ દ્વારા કલેઈમ ચુકવવામાં ઠાગાઠૈયા




**મુખ્ય સમાચાર, નવી દિલ્હી**

સ્વાસ્થ્ય વિમા સાથે સંકળાયેલ દાવાના પેમેન્ટમાં ગરબડને લઈને ફરિયાદો વધી રહી છે. વીમા કંપનીઓ દ્વારા કરારની શરતો અને નિયમોનો હવાલો આપીને મોટા પ્રમાણમાં દાવાઓ રદ કરવામાં આવી રહ્યા છે.

આ સ્થિતિમાં હોસ્પિટલો પોલિસીધારકોને દાખલ કરવાથી દુર રહે છે, કારણ કે કેશલેસનો દાવો કરનારી વીમા કંપનીઓ સમયસર તબીબી ખર્ચનું પેમેન્ટ નથી કરી રહી આનું સ્વાસ્થ્ય અને સામાન્ય વીમાને લઈને ફરિયાદોમાં ૪૪ ટકાનો વધારો થયો છે, જયારે જીવન વીમા ફરિયાદોમાં ઘટાડો થયો છે.

આંકડા બતાવે છે કે ગત નાણાકીય વર્ષમાં સામાન્ય અને સ્વાસ્થ્ય વીમા તરીકે વીમા કંપનીઓએ ૯૪૨૪૮ કરોડ રૂપિયાના ૩.૨૬ કરોડ દાવાઓનું પેમેન્ટ કર્યુ છે, પરંતુ કુલ દાવામાંથી ૮ ટકાથી વધુ દાવાઓને ફગાવી દેવામાં આવ્યા છે, જયારે પાંચ ટકા કેસ પ્રક્રિયામાં છે.

ભારતીય વીમા નિયામક અને વિકાસ પ્રાધિકરણ (ઈરડા)ના વાર્ષિક રિપોર્ટમાં બહાર આવ્યું છે કે વીમા કંપનીઓની પ્રીમીયમથી થતી આવક વધી રહી છે. વર્ષ ૨૦૨૩-૨૪માં સામાન્ય અને સ્વાસ્થ્ય વીમાથી ૧,૦૭,૬૮૦-૭૪ કરોડ રૂપિયાની આવક થઈ હતી, જે વર્ષ ૨૦૨૩-૨૪માં વધીને ૧,૧૭,૫૦૪-૮૨ કરોડ રૂપિયા થઈ ગઈ. અહી રસપ્રદ આંકડા દર વ્યક્તિને કરવામાં આવેલ પેમેન્ટના છે.

જો કુલ પેમેન્ટને દર વ્યક્તિના હિસાબે જોવામાં આવે તો વર્ષ ૨૦૨૪-૨૫માં પ્રતિ વ્યક્તિ રૂા.૨૯૮૧૦ રૂપિયાનું પેમેન્ટ થયું, જે તેના પહેલાના નાણાકીય વર્ષ ૩૧૦૮૬ રૂપિયાનું પેમેન્ટ કર્યું હતું. આમ દર વ્યક્તિએ પેમેન્ટમાં પણ ૧૨૭૬ રૂપિયાનો ઘટાડો થયો હતો. આ ઘટાડો એવા સમયે આવ્યો છે, જયારે કુલ પોલીસી ધારકોની સંખ્યામાં નાણાકીય વર્ષના આધાર પર ૧.૨૬ ટકાનો ઘટાડો આવ્યો છે અને વીમા કંપનીઓનો પ્રીમીયમ સંગ્રહ ૯.૧૨ ટકા વધી ગયો છે.

૮૦ હજારના દાવામાં માત્ર ૧૫ હજારનું પેમેન્ટઃ રવિશંકર યાદવે સોશિયલ મીડીયાથી ફરિયાદ કરી છે કે પહેલા વીમા કંપનીએ સ્વાસ્થ્ય દાવો એમ કહીને ફગાવી દીધો હતો કે તમારો સમ ઈસ્યોર્ડ પુરો થઈ ગયો છે, બાદમાં તેમણે દાવો મંજુર કર્યો અને ૮૦ હજારના દાવામાં ૧૫ હજારનું પેમેન્ટ કરી રહ્યા છે. દાવાના પેમેન્ટ માટે ભટકતા લોકોઃ વીમા પોર્ટલ પર નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૨.૫૭ લાખથી વધુ ફરિયાદો નોંધાઈ છે.

# જામનગર જિલ્લામાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અન્વયે યોજાયેલ બે દિવસીય ઝુંબેશમાં ૯,૭૨૫થી વધુ અરજીઓ પ્રાપ્ત થઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ,ભારતના ચૂંટણી પંચના આદેશ અનુસાર જામનગર જિલ્લામાં 'મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૬' અંતર્ગત તા.૦૩/૦૧/૨૦૨૬ અને ૦૪/૦૧/૨૦૨૬ના રોજ ખાસ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાના પાંચેય વિધાનસભા વિસ્તારોમાં નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાના જરૂરી ફોર્મ્સ સબમિટ કર્યા હતા.



જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ, આ બે દિવસની ખાસ ઝુંબેશ દરમિયાન કુલ ૯,૭૨૫ ફોર્મ્સ સ્વીકારવામાં આવ્યા છે. જેમાં સૌથી વધુ નવા મતદારોની નોંધણી અંગેના ફોર્મ મળ્યા છે. ૧૮ વર્ષ પૂર્ણ કરનાર યુવાનો અને અત્યાર સુધી નામ નોંધાવવ-થી વંચિત રહી ગયેલા નાગરિકો દ્વારા ફોર્મ નં. ૬ અંતર્ગત કુલ ૫,૩૫૨ અરજીઓ કરવામાં આવી છે.આ ઉપરાંત,મતદારયાદીમાં જરૂરી સુધારા-વધારા અને સરનામું બદલવા માટેના ફોર્મ નં. ૮ અંતર્ગત ૩૮૯૪ અરજીઓ અને નામ કમી કરવા માટેના ફોર્મ નં. ૭ અંતર્ગત ૪૭૯ અરજીઓ ચૂંટણી તંત્રને મળી છે.જિલ્લાની પાંચ વિધાનસભા વિસ્તારોમાં થયેલી કામગીરી પર નજર કરીએ તો, જામનગર ગ્રામ્ય વિસ્તારમાં સૌથી વધુ ૩,૪૮૩ અરજીઓ સાથે નોંધપાત્ર કામગીરી થઈ છે. ત્યાર-બાદ જામનગર ઉત્તરમાં ૧,૯૧૨, જામજોધપુરમાં ૧,૪૪૪, કાલાવડમાં ૧,૫૦૮ અને જામનગર દક્ષિણમાં ૧,૩૭૮ અરજીઓ મળી છે. નવા નામની નોંધણી ફોર્મ-૬માં પણ જામનગર ગ્રામ્ય ૧,૮૮૬ ફોર્મ સાથે જિલ્લામાં અગ્રેસર રહ્યું છે.જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી કેતન ઠક્કરના માર્ગદર્શન હેઠળ દરેક મતદાન મથકો પર બી.એલ.ઓ. દ્વારા હાજર રહીને કામગીરી કરવામાં આવી હતી. આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ્ય એક પણ પાત્રતા ધરાવતો મતદાર નોંધણીથી વંચિત ન રહી જાય તે સુનિશ્ચિત કરવાનો છે. વહીવટી તંત્ર દ્વારા હજુ પણ બાકી રહી ગયેલા નાગરિકોને ઓનલાઈન પોર્ટલ અથવા એપના માધ્યમથી તેમજ બી.એલ.ઓ.નો સંપર્ક કરી વહેલી તકે નોંધણી કરાવી લેવા અપીલ કરવામાં આવી છે.

# જામનગરના બેડ અને શાપર ખાતે NDRF દ્વારા આપાતકાલીન સ્થિતિને પહોંચી વળવા ગ્રામજનો અને વિદ્યાર્થીઓને સઘન તાલીમ અપાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર,ભારત સરકારની આપત્તિ વ્યવસ્થાપન પાંખ NDRF દ્વારા જામનગર જિલ્લાના બેડ અને શાપર ગામ ખાતે વિશેષ તાલીમ અને જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કુદરતી કે માનવસર્જિત આપત્તિઓ સમયે જાન-માલનું નુકસાન ઘટાડવા અને ત્વરિત પ્રતિસાદ આપવા માટે ગ્રામજનો તેમજ શાળાના વિદ્યાર્થીઓને આધુનિક પદ્ધતિઓ દ્વારા સજ્જ કરવામાં આવ્યા હતા.

તાલીમ દરમિયાન NDRFના નિષ્ણાંત જવાનો દ્વારા પૂર, વાવાઝોડું, ભૂકંપ અને આગ જેવી કટોકટીની સ્થિતિમાં બચાવ કામગીરી કેવી રીતે કરવી તેનું જીવંત નિદર્શન કરવામાં આવ્યું હતું.



જેમાં ખાસ કરીને ઈજાગ્રસ્ત વ્યક્તિઓને તાત્કાલિક જીવનરક્ષક સારવાર આપવા માટેની CPR ટેકનિક અને પ્રાથમિક સારવાર અંગે પ્રાયોગિક જ્ઞાન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત, પૂર જેવી સ્થિતિ-માં ઘરમાં ઉપલબ્ધ સામાન્ય વસ્તુઓ જેમ કે ખાલી પ્લાસ્ટિકની બોટલો, કેન અને લાકડાના ઉપયોગથી કામચલાઉ તરતા સાધનો બનાવી કઈ રીતે જીવ બચાવી શકાય તે અંગે પણ રસપ્રદ માહિતી આપવામાં આવી હતી.

બેડ અને શાપર ગામની શાળાઓના વિદ્યાર્થીઓએ આ પ્રદર્શનમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓને આપત્તિ વ્યવસ્થાપન માટે વપરાતા અત્યાધુનિક સાધનોની ઓળખ કરાવી તેના કાર્ય વિશે સમજાવવામાં આવ્યું હતું. NDRFની ટીમે જણાવ્યું હતું કે, કોઈ પણ આપત્તિના સમયે સ્થાનિક લોકો 'ફર્સ્ટ રિસ્પોન્ડર' એટલે કે પ્રથમ સહાયક હોય છે, તેથી જો ગ્રામીણ સ્તરે આવી તાલીમ મળેલી હોય તો મોટી દુર્ઘટનાઓ ટાળી શકાય છે. આ કાર્યક્રમમાં ગામના અગ્રણીઓ, શિક્ષકો અને બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા અને NDRFની આ પ્રશંસનીય કામગીરીને બિરદાવી હતી.

# મોરબી જીલ્લા પંચાયતનું નવું સીમાંકન જાહેર, ૨૪ બેઠકો યથાવત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સ્થાનિક સ્વરાજ્યની આગામી ચૂંટણીઓ પૂર્વે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મોરબી જીલ્લા પંચાયતનું નવું સીમાંકન જાહેર કરવામાં આવ્યું છે. નવા સીમાંકન મુજબ જીલ્લા પંચાયતની કુલ ૨૪ બેઠકો યથાવત રાખવામાં આવી છે, જેમાં ૭ બિનઅનામત સામાન્ય અને ૮ સામાન્ય સ્ત્રી માટે અનામત રાખવામાં આવી છે, જ્યારે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિવાસી તથા સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ માટે અલગ-અલગ કેટેગરીમાં બેઠકો અનામત જાહેર કરાઈ છે. મહાનગરપાલિકા અને નગરપાલિકા બનવાના કારણે કેટલીક બેઠકો રદ કરી નવી બેઠકો ઉમેરવામાં આવી છે.

મોરબી જીલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ ટૂંક સમયમાં યોજાવાની શક્યતા વચ્ચે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મોરબી જીલ્લા પંચાયતનું નવું સીમાંકન જાહેર કરવામાં આવ્યું છે. આ નવા સીમાંકનમાં મોરબી જીલ્લા પંચાયતની કુલ ૨૪ બેઠકો યથાવત રાખવામાં આવી છે. અનામત વ્યવસ્થામાં અનુસૂચિત જાતિ માટે સ્ત્રીમાં ૧ અને સામાન્યમાં ૧ બેઠક, અનુસૂચિત આદિવાસી જાતિ માટે સામાન્યમાં ૧ બેઠક જાહેર કરવામાં આવી છે. સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ માટે સ્ત્રીમાં ૩ અને સામાન્યમાં ૩ બેઠકો રાખવામાં આવી છે. તે ઉપરાંત સામાન્ય સ્ત્રી માટે ૮ બેઠકો અને બિન અનામત સામાન્ય કેટેગરીમાં ૭ બેઠકો જાહેર કરાઈ છે. સામાન્ય સ્ત્રી કેટેગરીમાં મોરબીની આમરણ, વાંકાનેરની ચંદ્રપુર, તિથવા અને રાતીદેવળી, હળવદની માથક અને સાપકડા, ટંકારાની નેકનામ તેમજ માળિયાની સરવડ બેઠકનો સમાવેશ થયો છે. બિન અનામત સામાન્ય કેટેગરીમાં મોરબીની બગથળા, હળવદની ચરાડવા અને ટીકર (રણ), વાંકાનેરની મહીકા અને રાજાવડલા, માળિયાની મોટા દહીંસરા તથા ટંકારાની ઓટાળા બેઠક જાહેર કરાઈ છે.

સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ (સ્ત્રી) માટે વાંકાનેરની ઢુંવા, હળવદની ઘનશ્યામપુર અને મોરબીની ઘુંટુ બેઠક જાહેર કરવામાં આવી છે. અનુસૂચિત આદિવાસી જાતિ માટે મોરબીની જાંબુડિયા બેઠક અનામત રાખવામાં આવી છે. સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ (સામાન્ય) માટે મોરબીની જેતપર અને લક્ષ્મીનગર તેમજ માળિયાની ખાખરેચી બેઠક જાહેર કરાઈ છે. અનુસૂચિત જાતિ (સ્ત્રી) માટે ટંકારાની લજાઈ અને અનુસૂચિત જાતિ (સામાન્ય) માટે મોરબીની મકનસર બેઠક જાહેર કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે મોરબી તાલુકાની રવાપર, ત્રાજપર, શક્ત શનાળા અને મહેન્દ્રનગર બેઠકો મહાનગરપાલિકામાં ભળી જતાં રદ કરવામાં આવી છે, જેના સ્થાને લક્ષ્મીનગર, જાંબુડિયા અને મકનસર નવી બેઠકો અસ્તિત્વમાં આવી છે. માળિયા (મિયાણા) તાલુકામાં સરવડ નવી બેઠક ઉમેરવામાં આવી છે. જ્યારે ટંકારા નગરપાલિકા બની જતા ટંકારા બેઠક રદ કરી તેના બદલે નેકનામ નવી બેઠક જાહેર કરવામાં આવી છે. નવા સીમાંકનથી આગામી જીલ્લા પંચાયતની ચૂંટણીમાં રાજકીય ચિત્ર બદલાશે તેવું મનાઈ રહ્યું છે અને વિવિધ રાજકીય પક્ષો દ્વારા નવા સીમાંકનને ધ્યાનમાં રાખીને તૈયારી શરૂ કરવામાં આવી છે.

# ગુજરાત NSUI દ્વારા સંકલ્પ ડ્રગ્સ ફ્રી કેમ્પ યોજાયો

## જામનગરમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓએ વ્યસનમુક્તિના શપથ લીધા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર સમગ્ર ગુજરાતમાં એનએસયુઆઈ દ્વારા એનએસયુઆઈ નો સંકલ્પ ડ્રગ્સ મૂક્ત કેમ્પસ નામના કાર્યક્રમનું આયોજન થયેલ છે. જેમાં સમગ્ર ગુજરાતની કોલેજના કેમ્પસમાં એનએસયુઆઈની ટીમ જઈ રહી છે અને ડ્રગ્સની વિરૂધ્ધમાં મુહિમ ચલાવી રહી છે અને ડ્રગ્સ મુક્ત કેમ્પસની શપથ લેવડાવી રહી છે. જેના અનુસંધાને આજ આ યાત્રા જામનગર ખાતે આવી પહોંચેલ હતી તેની શરૂઆત એચ.જે.દોશી કોલેજ ખાતે થી કરવામાં.આવેલ હતી. ત્યારબાદ હરિયા કોલેજમાં આ યાત્રા પહોંચેલ હતી. આ



કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ નાટક અને વિદ્યાર્થીઓની સ્પીચ દ્વારા ડ્રગ્સ મુક્ત કેમ્પસ બને તે માટેના પ્રયત્નો કરવા માટેની વાત કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં ખાસ ગુજરાત કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ અને ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ સિન્ડિકેટ સભ્ય ડૉ.ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, જામનગરના પૂર્વ સાંસદ વિક્રમભાઈ માડમ, જામનગર શહેર કોંગ્રેસના પ્રમુખ દિગુભા જાડેજા, ચેમ્બર ઓફ કોમર્સ ગુજરાતના મંત્રી બિપેન્દ્રસિંહ જાડેજા વગેરે મહેમાનો ઉપસ્થિત રહ્યા હતાં.જામનગર, ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના મહામંત્રી શક્તિસિંહ જેઠવા, જામનગર શહેર યુવક કોંગ્રેસના પ્રમુખ મહિપાલસિંહ જાડેજા, જામનગર શહેર એનએસયુઆઈ ના પ્રમુખ રવિરાજસિંહ ગોહિલ,જામનગર જીલ્લા યુવા કોંગ્રેસના પ્રમુખ દેવરાજભાઈ ગોહિલની આવેગાની હેઠળ યોજાયો હતો.

# વિભાપર ખાતે રૂ. ૨૩ લાખથી વધુના ખર્ચે સરકારી આયુર્વેદ દવાખાનાનું નિર્માણ થશે



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના વિભાપર ગામે ગ્રામજનોના સ્વાસ્થ્ય અને સુખાકારીમાં વધારો કરવાના હેતુથી નવીન સરકારી આયુર્વેદ દવાખાનાનું નિર્માણ થશે.જેનું ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર, નિયામક આયુષની કચેરી તથા જિલ્લા આયુર્વેદ અધિકારી જામનગર દ્વારા સંચાલિત આ દવાખાનું આધુનિક સુવિધાઓથી સજ્જ કરવામાં આવશે.આ અંગે વિગતો આપતા જિલ્લા આયુર્વેદ અધિકારી ડૉ.હિરેન ઠક્કરે જણાવ્યુ હતું કે, જિલ્લા આયોજન કચેરી, જામનગરના વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ ૨૦૨૨-૨૩ અંતર્ગત ૧૫% વિવેકાધીન જોગવાઈ અન્વયે મંજૂર થયેલ રૂ૧૯.૯૪ લાખની ગ્રાન્ટ તથા વર્ષ ૨૦૨૫માં જિલ્લા પંચાયત, જામનગર સ્વભંડોળ દ્વારા મંજૂર કરવામાં આવેલ રૂ.૪.૦૪ લાખની ગ્રાન્ટ મળી કુલ રૂ. ૨૩.૯૮ લાખના ખર્ચે આ દવાખાનાનું નિર્માણ કરવામાં આવશે. જેના થકી આયુર્વેદિક ઉપચાર પદ્ધતિનો લાભ ગ્રામજનોને ઘર આંગણે જ મળતો થશે.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે જામનગર જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ હસમુખભાઈ કણજારીયા, વિભાપર ગ્રામ પંચાયતના સરપંચ હેમંતભાઈ પાંભર અને ઉપસરપંચ અસ્મિતાબેન વકાતર ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત પૂર્વ તાલુકા પંચાયત અધ્યક્ષ કુરજીભાઈ પણસારા, માજી સરપંચ માવજીભાઈ મેંદપરા સહિત ગ્રામ પંચાયતના સદસ્યો, વહીવટી અધિકારીઓ અને બહોળી સંખ્યામાં ગ્રામજનોએ ઉત્સાહભેર હાજરી આપી હતી.આ અવસરે જિલ્લા આયુર્વેદ અધિકારી ડો.હિરેન ઠક્કર, વિભાપર આયુર્વેદ દવાખાનાના મેડિકલ ઓફિસર ડો. અંકિતા સોલંકી તથા ફાર્માસિસ્ટ શ્રેયાબેન જાની સહિત જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખાનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# જામનગર કાલાવડમાં પતંગ પકડવા ગયેલા તરૂણનું વિજઆંચકાથી મૃત્યુ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર કાલાવડના કુંભનાથપરા વિસ્તારમાં રહેતા એક તરૂણ કપાયેલી પતંગ લેવા માટે જતા અકસ્માતે વિજ થાંભલામાં અડી જતા કરન્ટ લાગવાથી તેનું મૃત્યુ નિપજતા પરિવારમાં માતમ છવાયો હતો.કાલાવડના કુંભનાથપરા વિસ્તારમાં રહેતા નફીસ અહેમદ ઇદરીશભાઇ સોલંકી ઉ.વ.૧૭.નામનો તરૂણ પતંગ લેવા જતા થાંભલામાંથી ઈલેક્ટ્રીક શોક લાગતા બેભાન અવસ્થામાં સારવાર માટે લઇ જવામાં આવ્યો હતો જયાં તેમનું મૃત્યુ થયાનું જણાવાયુ હતું.

આ બનાવ અંગે કુંભનાથપરામાં રહેતા ઇદરીશ નુરમામદભાઇ સોલંકીએ ટાઉન પોલીસમાં જાણ કરી હતી આ બનાવના પગલે પરિવાર સહિતમાં શોકનુ મોજુ ફરી વળ્યુ હતું.

# જામનગરમાં રેસ્ટોરન્ટ સંચાલકનો ઝેરી દવા ગટગટાવી આપઘાત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના હવાઇચોક વિસ્તારમાં રહેતા અને દિ. પ્લોટ વિસ્તારમાં જલારામ રેસ્ટોરન્ટવાળા વેપારી યુવાને ઝેરી દવા પી લેતા મૃત્યુ નિપજયુ છે જેના કારણે શોકની લાગણી ફેલાઇ ગઇ છે, અલગ અલગ વ્યકિતઓને આપેલી રકમ પરત નહી મળતા પગલુ ભરી લીધાનું પોલીસમાં જાહેર થયુ છે જેના આધારે આ દિશામાં તપાસ ચલાવવામાં આવી રહી છે.જામનગરમાં હવાઈ ચોક વિસ્તારમાં રહેતા અને રેસ્ટોરન્ટના વ્યવસાય સાથે સંકળાયેલા મયુર હરીશભાઈ ગણાત્રા નામના ૪૧ વર્ષના વેપારી યુવકે પોતાના ઘેર ઝેરી દવા પી લીધી હતી આથી તેઓને હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યાર બાદ ઉલટી થતા જી.જી. હોસ્પિટલ ખાતે તેનું મૃત્યુ નીપજયું હોવાનું જાહેર કરાયું હતું.મૃતક વેપારી યુવાને પોતે બીજાને આપેલા ઉછીના પૈસા પરત મળ્યા ન હોવાના કારણે આ પગલું ભરી લીધાનુ અનુમાન કરાયું છે. ઉપરાંત તેમાં એક પોલીસ કર્મચારીની પણ ભૂમિકા હોવાનો આક્ષેપ પરિવારજનોએ કર્યો છે.જોકે સમગ્ર મામલામાં પોલીસ દ્વારા ઊંડાણપૂર્વકની તપાસ ચલાવવામાં આવી રહી છે.આ બનાવને લઈને મૃતકના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.મૃતકના ખિસ્સામાંથી એક ડાયરી મળી આવી છે. જેમાં કેટલાક નામના વ્યક્તિઓને ઉલ્લેખ કરીને પૈસાની આવક જાવકના હિસાબો પણ લખેલા છે. જે ડાયરી પોલીસ દ્વારા કબજે કરી લઈ સમગ્ર મામલામાં વધુ તપાસ ચલાવાઈ રહી છે.દરમ્યાનમાં હવાઇચોક નાગરચકલો શ્રીનાથજી એપાર્ટમેન્ટ ખાતે રહેતા વેપારી તુષાર હરીશભાઇ ગણાત્રા દ્વારા સીટી-એ ડીવીઝનમાં જાહેર કરવામાં આવ્યુ હતું જેમાં જણાવ્યુ હતું કે મરણજનારે અલગ અલગ વ્યકિતઓને હાથ ઉછીના રૂપીયા આપેલ હોય અને આપેલ રૂપીયા બાબતની ડાયરી પોતાની પાસે હોવાનું જણાવતા હોય આ લોકો રૂપીયા પરત આપતા ન હોય જેથી કંટાળી જઇ જંતુનાશક દવા પી લેતા બનાવ બન્યો છે.

# જામનગરના નાઘેડી ગામ પાસે કારે એકટીવાને ઠોકર મારતા વૃધ્ધનું કરૂણ મૃત્યુ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર નાઘેડી ગામના પાટીયા પાસે પુરઝડપે આવી રહેલી કારના ચાલકે એકટીવાને હડફેટે લેતા વૃધ્ધનું ગંભીર ઇજા સબબ સારવારમા મૃત્યુ નિપજ્યું છે. આ બનાવ અંગે કારચાલક સામે પંચ-બીમાં ફરીયાદ કરવામાં આવી છે.જામનગરમાં રામેશ્વર નગર વિસ્તારમાં રહેતા સુરેશભાઇ સોમૈયા ઉ.વ.૬૫ પોતાનું.જી.જે-૧૦ડીજી-૦૭૭૧ નંબરનું એકટીવા સ્કૂટર લઈને નાઘેડી ગામ ગ્રીન વિલ-ામાં પોતાના ઘેર જતા હોય તે દરમ્યાન નાઘેડી પાટીયા પાસે પહોંચતા જીજે૧૦ડીએ-૫૯૬૨ નંબરની કારના ચાલકે પોતાની કાર પુર ઝડપે બે ફિકરાઈથી અને ગફલતભરી રીતે તેમજ માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી એકટીવાને હડફેટે લઈ પછાડી દેતાં સુરેશભાઈને શરીરે તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોચી હોવાથી સારવારમાં લાવતા ફરજ પરના તબીબે તેઓનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું.આ બનાવ અંગે મૃતકની પુત્રી દિશાબેન સુરેશભાઈ સોમૈયા એ કારના ચાલક સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ઘટના સ્થળે અને જી.જી. હોસ્પિટલમાં દોડી જઈ મૃતદેહનો કબજો સંભાળ્યો છે, અને આ અકસ્માતના બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબીના મહેન્દ્રનગર ચોકડી નજીક બોલેરોની ઠોકરે એમપીના ખેત-શ્રમિકનું સારવારમાં મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી-૨ મહેન્દ્રનગર ચોકડી ખાતે સાંજના અરસામાં નાસ્તો કરીને રોડ ક્રોસ કરી રહેલ ખેત શ્રમિક આધેડને પુરપાટ આવતી બોલરોએ ઠોકરે ચડાવતા, આધેડ ફેંકાઈને રોડ ઉપર પટકાયા હતા, ત્યારે ત્યાં હાજર તેમની પત્ની અને સાળાએ પ્રથમ મોરબી બાદ વધુ સારવારમાં રાજકોટ સિવિલમાં લાવતા, જ્યાં ત્રણ દિવસની ટૂંકી સારવારમાં ખેત-શ્રમિકે દમ તોડ્યો હતો. સમગ્ર અકસ્માત અંગે મૃતકની પત્નીની ફરિયાદને આધારે મોરબી બી ડિવિઝન પોલીસે આરોપી બોલેરો ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મૂળ મધ્યપ્રદેશ રાજ્યના ધાર જીલ્લાના કર્ચટ પૂજારીયા ફળિયા પો.સ્ટ.નરવાલીના વતની હાલ માળીયા(મી) તાલુકાના વેજલપર ગામે વાડીએ રહેતા બિલામસિંહ નંદાભાઈ બામનીયા ઉવ.૪૫ વાળા ગત તા.૦૩ જાન્યુઆરીના રોજ સાંજે વતનમાં જવા પત્ની અને સાળા સાથે મોરબી મહેન્દ્રનગર ચોકડી ખાતે આવ્યા હતા, ત્યારે નાસ્તો કરવા મહેન્દ્રનગર ચોકડી નજીક ગયા હતા, જ્યાંથી રોડ ઓળંગી પરત આવતા હોય ત્યારે એક સફેદ કલરની બોલેરો રજી.નં. જીજે-૦૩-બીઝેડ-૭૯૩૬ના ચાલકે પોતાની ગાડી ફૂલ સ્પીડમાં અને બેદરકારીથી ચલાવી આવી બિલામસિંહને ઠોકર મારી હવામાં ફંગોળ્યા હતા. આ અકસ્માતમાં બિલામસિંહને માથાના ભાગે ગંભીર ઇજા પહોંચી હતી, જેથી તેમને બેભાન હાલતમાં ૧૦૮ મારફત પ્રથમ મોરબી બાદ વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા, જ્યાં ડોક્ટરો દ્વારા આપવામાં આવેલી ત્રણ દિવસની સારવાર કારગત ન નિવડતા ગઈકાલ તા.૦૬/૦૧ ના રોજ બિલામસિંહનું ચાલુ સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે હાલ મૃતકના પત્ની સુમાબેન બિલામસિંહ બામનીયાની ફરિયાદને આધારે મોરબી બી ડિવિઝન પોલીસે આરોપી બોલેરો ચાલક વિરુદ્ધ બીએનએસ તથા એમવી એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગર લાલપુર રોડ પર સણોસરા પાટિયા પાસેના અકસ્માતમાં એક સગીર સહિત ૩નાં કમકમાટીભર્યા મોત, એક ગંભીર

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર લાલપુર ધોરીમાર્ગ પર સણોસરા ગામના પાટિયા પાસે મોડી રાત્રે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. પંચર પડેલી બોલેરોનું ટાયર બદલી રહેલા ૪ યુવાનોને પાછળથી પૂરપાટ ઝડપે આવતી અન્ય એક બોલેરોએ કચડી નાખ્યા હતા. આ કરુણ દુર્ઘટનામાં ૩ યુવાનોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા, જ્યારે ૧ યુવાન ગંભીર રીતે ઘાયલ થતા તેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો છે.ટાયર પંચર મોતનું કારણ બન્યું.લાલપુર તાલુકાના ખાયડી ગામના રહેવાસીઓ પોતાની બોલેરો GJ 25 Y 5803 લઈને પસાર થઈ રહ્યા હતા ત્યારે સણોસરા ગામ પાસે વાહનનું ટાયર પંચર પડ્યું હતું. માર્ગની સાઈડમાં વાહન ઊભું રાખી ચારેય યુવાનો નીચે ઉતરીને ટાયર બદલી રહ્યા હતા. તે દરમિયાન પાછળથી પૂરપાટ ઝડપે ધસી આવેલી અન્ય એક બોલેરો GJ 10 DA 2287ના ચાલકે સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવતા ટાયર બદલી રહેલા યુવાનોને અડફેટે લીધા હતા.

આ અકસ્માત એટલો ભીષણ હતો કે તેમાં એક સગીર સહિત ૩ લોકોએ જીવ ગુમાવ્યા હતા. જ્યારે એક સગીર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો.કમલેશ નારણ ગાગીયા ૩૬ વર્ષ શ્રુદીપ દિનેશ ગોજીયા ૧૬ વર્ષ ભરત લખમણ ડાંગર ૨૧ વર્ષ, રહે. કરશનપર.જ્યારે શ્યામ અશોક ગાગીયા ૧૬ વર્ષને ગંભીર ઈજાઓ પહોંચતા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.ઘટનાની જાણ થતા જ લાલપુર પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે ત્રણેય મૃતદેહોનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા. અકસ્માત સર્જનાર બોલેરોનો ચાલક પોતાનું વાહન મૂકીને ફરાર થઈ ગયો છે. પોલીસે ફરાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે. આ બનાવને પગલે ખાયડી ગામ અને મૃતકોના પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

# મોરબીના પીપળી રોડ ઉપર શિવ પાર્ક નજીક ખરાબ રસ્તો અકસ્માતોનું કેન્દ્ર-બિંદુ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના પીપળી રોડ પર શિવ પાર્ક પાસે આવેલા અત્યંત ખરાબ રસ્તાના કારણે વારંવાર અકસ્માતો સર્જાઈ રહ્યા છે. તાજેતરમા પણ અકસ્માત થતા રોડ પર ભારે ટ્રાફિકજામ સર્જાયો હતો. છેલ્લા થોડા દિવસોમાં અહીં અંદાજે ૬ જેટલા અકસ્માત નોંધાઈ ચૂક્યા હોવાથી સ્થાનિકોમાં રોષ ફેલાયો છે અને તાત્કાલિક રિપેર તથા ડામર રોડ બનાવવાની માગ ઉઠી છે.


મોરબી શહેરના પીપળી રોડ પર શિવ પાર્ક પાસે આવેલ રસ્તો હાલ અત્યંત ખરાબ હાલતમાં હોવાને કારણે અકસ્માતોનું કેન્દ્ર-બિંદુ બની ગયો છે. રસ્તા પર મોટા ખાડા અને અસમતલ માર્ગ હોવાના કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આજ રોજ પણ આ જ સ્થળે એક અકસ્માત સર્જાયો હતો, જેના પગલે પીપળી રોડ પર લાંબા સમય સુધી ટ્રાફિકજામ સર્જાયો હતો. સ્થાનિકો અને વેપારીઓના જણાવ્યા મુજબ છેલ્લા થોડા સમયગાળામાં આ વિસ્તારમાં લગભગ છ જેટલા અકસ્માતો સર્જાઈ ચૂક્યા છે. લોકોનું કહેવું છે કે જો શિવ પાર્ક પાસે ડામર રોડ બનાવી દેવામાં આવે તો અકસ્માતોની સંભાવના મોટા પ્રમાણમાં ઘટી શકે છે.

ઉલ્લેખનીય છે કે, ઉદ્યોગકારોની વારંવાર રજૂઆતને ધ્યાને લઈને હાલ આ રોડનું કામ શરૂ કરવામાં આવ્યું છે, પરંતુ જમીન સંપાદન સંબંધિત વિવાદને કારણે જગ્યાના માલિક દ્વારા કામ બંધ કરાવવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. જેના કારણે અધૂરૂં કામ અને ખરાબ રસ્તો યથાવત રહેતા સમસ્યા વધુ ગંભીર બની છે. ત્યારે ઉદ્યોગકારો અને સ્થાનિક નાગરિકો દ્વારા તંત્રને આ બાબતે તાત્કાલિક હસ્તક્ષેપ કરી વિવાદનો ઉકેલ લાવી રોડનું કામ પૂર્ણ કરવા માંગ કરવામાં આવી છે. નાગરિકોના જણાવ્યા મુજબ જો સમયસર યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો આગળ પણ અકસ્માતોની સંખ્યા વધવાની ભીતિ છે. તેથી સંબંધિત તંત્ર દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં આવે તેવી જોરદાર માંગ ઉઠી રહી છે.

# હળવદ તાલુકામાં બે અલગ અલગ અપમૃત્યુના બનાવો નોંધાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકામાં બે અલગ અલગ અપમૃત્યુના બનાવો સામે આવતા ચકચાર મચી ગઈ છે. જેમાં નવા-જુના વેગડવાવ ગામ વચ્ચે રોડ અકસ્માતમાં અને કવાડીયા ગામે ગળેફાંસો ખાઈ એમ બે અલગ અલગ બનાવોમાં બે યુવાનોના અકાળે મૃત્યુ નિપજતા, હળવદ પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે.



અપમૃત્યુના પ્રથમ બનાવમાં તા. ૦૬/૦૧/૨૦૨૬ ના રોજ જુના-નવા વેગડવાવ ગામ વચ્ચે રોડ ઉપર નવા માલણીયાદ ગામના રહેવાસી જયેશભાઈ દેવજીભાઈ પરમાર ઉવ.૨૮ પોતાના હવાલાવ-ાળુ મોટરસાયકલ રજી.નં. જીજે-૩૬-બીએ-૨૪૬૮ લઈને જઈ રહ્યા હતા. આ દરમિયાન રોડ પર અચાનક આંખલા (ખુટીયા) સાથે અથડાતા તેમને ગંભીર ઈજા પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. હાલ આ બનાવ અંગે મૃતકના ભાઈ નંદકિશોરભાઈ દેવજીભાઈ પરમાર પાસેથી પ્રાથમિક વિગતો મેળવી હળવદ પોલીસે અ.મોતની નોંધ કરી છે.

જ્યારે બીજા અપમૃત્યુના બનાવમાં કવાડીયા ગામ ખાતે રહેતા જાલાભાઈ હેમુભાઈ વાઘેલા ઉવ.૨૩ કોઇ કામ ધંધો કરતો ન હોય જેથી તેના માતા પિતાએ તેને કામ ધંધો કરવાનુ કહેલ જે બાબતનુ જાલાભાઈને મનમાં લાગી આવતા ગતબતા.૦૪/૦૧ ના રોજ એકલતાનો લાભ લઇ ઝુપડાની છતમા પતરાને સપોર્ટ આપતી લાકડાની વળી સાથે દોરડુ બાંધી પોતે પોતાની જાતે ગળેફાંતા ખાઈ લેતા તેનું મૃત્યુ નીપજ્યું હતું. મૃત્યુના બનાવ મામલે હળવદ પોલીસે મૃતક જાલાભાઈની પત્ની સમજુબેન પાસેથી પ્રાથમિક વિગતો મેળવી અ.મોત રજીસ્ટર કરી આગળની તપાસ ચલાવી છે.

# મોરબીમાં તા. ૧૦ અને ૧૧ જાન્યુઆરીએ ૧૯૭મો નિઃશુલ્ક કેન્સર નિદાન કેમ્પ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના નવાડેલા રોડ સ્થિત ડી.સી. મહેતા સાર્વજનિક ડિસ્પેન્સરી ટ્રસ્ટ ખાતે તા. ૧૦ અને ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ૧૯૭મો નિઃશુલ્ક કેન્સર નિદાન કેમ્પ યોજાશે, જેમાં મુંબઇના કેન્સર નિષ્ણાત ડૉ. વિક્રમભાઈ સંઘવી દર્દીઓનું નિદાન કરશે. મોરબી શહેરમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ અને સેવાભાવનાને ધ્યાને લઈ આગામી તા. ૧૦ અને ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ડી.સી. મહેતા સાર્વજનિક ડિસ્પેન્સરી ટ્રસ્ટ, નવાડેલા રોડ ખાતે ૧૯૭મો નિઃશુલ્ક કેન્સર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ વિશાશ્રીમાળી વણિક જ્ઞાતિ સંચાલિત મહેતા કુટુંબ દ્વારા દર બે માસે નિયમિત રીતે આયોજિત કરવામાં આવે છે, જેમાં દર્દીઓને નિઃશુલ્ક નિદાન તથા માર્ગદર્શન આપવામાં આવે છે. વર્તમાન કેમ્પના દાતા તરીકે સુવર્ણાબેન સુરેશભાઈ મહેતા (મુંબઇ) છે. આ કેમ્પમાં મુંબઇના જાણીતા કેન્સર નિષ્ણાત સર્જન ડૉ. વિક્રમભાઈ સંઘવી પોતાની સેવાઓ આપશે. તેઓ તા. ૧૦ જાન્યુઆરી શનિવારે સાંજે ૪ થી ૭ કલાક સુધી તથા તા. ૧૧ જાન્યુઆરી રવિવારે સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન દર્દીઓનું નિદાન કરશે. કેમ્પનો લાભ લેવા ઇચ્છતા દર્દીઓએ અગાઉથી ડિસ્પેન્સરીના મેનેજર મયુરભાઈ વોરા મોબાઇલ નં. ૯૫૩૭૦ ૯૯૨૧૯ ઉપર નોંધણી કરાવવી ફરજિયાત રહેશે તેમજ પોતાના અગાઉના તમામ મેડિકલ રેકોર્ડ સાથે લાવવાના રહેશે તેમ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ભાવેશભાઈ વી. શાહ દ્વારા જણાવાયું છે.

# વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ વિકાસ, રોકાણ અને રોજગારનો ત્રિવેણી સંગમ

## સૌરાષ્ટ્ર-કચ્છના આર્થિક-ઔદ્યોગિક વિકાસમાં માઈલસ્ટોન સાબિત થશે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સઃ મુખ્ય ક્ષેત્રો- એન્જિનિયરિંગ, સિરામિક્સ, પોર્ટ્સ અને લોજિસ્ટિક્સ, ફિશરીશ, પેટ્રોકેમિકલ્સ, એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ, ગ્રીન એનર્જી, સ્કિલ ડેવલપમેન્ટ, સ્ટાર્ટઅપ્સ, MSMEs, ટુરિઝમ રહેશે

**આલેખન - રાધિકા વ્યાસ**
**મુખ્ય સમાચાર, રાજકોટ**

જાન્યુઆરી - વાઈબ્રન્ટ ગુજરાત સમિટનાં સફળ આયોજનને વધુ વ્યાપક બનાવવા તથા દરેક જિલ્લામાં રહેલા આગવા પોટેન્શિયલને બહાર લાવી તેને વૈશ્વિક ફલક પર ચમકાવવાના હેતુથી, ગુજરાત સરકાર દ્વારા હવે રાજ્યનાં વિવિધ ઝોન ખાતે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સીસનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

વિકસિત ભારત @2047ના વિઝન સાથે સુસંગત અને વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની સફળતા તથા વારસાને આધાર બનાવી, આ રિજનલ કોન્ફરન્સનું મુખ્ય લક્ષ્ય પ્રાદેશિક ઔદ્યોગિક વિકાસને વેગ આપી, વિવિધ ક્ષેત્રોમાં રોકાણને પ્રોત્સાહન તેમજ વૈશ્વિક સ્તરે ગુજરાતને વધુ મજબૂત બનાવવાનું છે. હવે રાજકોટ ઔદ્યોગિક ક્ષેત્રે વિકાસનું વૈશ્વિક મંચ બનવા જઇ રહ્યું છે. આગામી તારીખ ૧૧- ૧૨ જાન્યુઆરીના રોજ સૌરાષ્ટ્ર--કચ્છ વિસ્તારની વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું રાજકોટમાં આયોજન થઇ રહ્યું છે, જે આ વિસ્તારનાં આર્થિક તથા ઔદ્યોગિક વિકાસ માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી મારવાડી યુનિવર્સિટી ખાતે સૌરાષ્ટ્ર-કચ્છ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનો ભવ્ય શુભારંભ કરાવશે. આ કોન્ફરન્સ સૌરાષ્ટ્ર કચ્છના ૧૨ જિલ્લાને આવરી લેશે. ઉદ્યોગ, નવીનતા, રોકાણ અને વૈશ્વિક સહયોગના નવા દ્વાર ખોલતી આ કોન્ફરન્સ સૌરાષ્ટ-કચ્છની અપરંપાર ક્ષમતાને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મંચ પર ઉજાગર કરશે. વિકાસના નવા સંકલ્પ, આત્મનિર્ભરતાની નવી ઊર્જા અને પ્રગતિના નવા અધ્યાય સાથે સૌરાષ્ટ્ર-કચ્છ એક નવા યુગમાં પ્રવેશ કરશે.


આ દ્વિ-દિવસિય કોન્ફરન્સ વિવિધ દેશનાં પ્રતિનિધિઓ, દેશનાં અગ્રણી ઉદ્યોગપતિઓ તથા સ્થાનિક ઉદ્યોગો વચ્ચે સંવાદનો સેતુ સાબિત થશે. આ બે દિવસ દરમિયાન રાજકોટ ખાતે વિવિધ કાર્યક્રમો, બિઝનેસ ટુ બિઝનેસ મીટ, વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ, રિવર્સ બાયર-સેલર મીટ તથા અનેક વિષયો પર વિશેષ સેમિનારનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ કોન્ફરન્સમાં જાપાન, રિપબ્લિક ઓફ કોરિયા અને રિપબ્લિક ઓફ રવાન્ડા જેવા દેશો પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાયા છે. ઉપરાંત ૧૩ જેટલા આંતરરાષ્ટ્રીય ટ્રેડ ઓર્ગેનાઈઝેશન પણ જોડાયા છે. સાથોસાથ ભારત સહિત ૨૩ દેશોમાંથી રજીસ્ટ્રેશન મળ્યા છે.

ફિશરીઝ, ગ્રીન સ્ટાર્ટઅપ, એ.આઇ., પ્રવાસન સહિતનાં વિષયો પર વિશેષ સેમિનારનું આયોજનઃ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ અંતર્ગત વિવિધ વિભાગો દ્વારા વિશેષ સેમિનારોનું આયોજન કરવામાં આવશે. જેમાં ફિશરીઝ, ગ્રીન સ્ટાર્ટઅપ, સિરામિક, ટેક્સટાઇલ ક્ષેત્રે વિકાસની તકો, બાગાયત પાકોની નિકાસ, એ.આઇ., ગ્રીન હાઇડ્રોજન, વૈશ્વિક સ્તરે બાંધણી તથા પટોળાની કલા, વિન્ડ એનર્જી, જેમ્સ અને જ્વેલરી, પાવર સેક્ટરમાં સાયબર સિક્યુરીટી તથા ટુરિઝમ જેવા મહત્વનાં ક્ષેત્રોમાં નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન, નવી ટેકનેલોજી, સરકારની યોજનાઓ અને રોકાણની તકો પર વિસ્તૃત ચર્ચા થશે. આ સેમિનારો સૌરાષ્ટ-કચ્છના વિકાસને નવી દિશા આપશે તેમજ ખેડૂતો અને ઉદ્યોગસાહસિકોને આગળ વધવા માટે પ્રેરણા આપશે.

સૌરાષ્ટ્ર--કચ્છના માછીમારી ક્ષેત્રને ઉજાગર કરતો સેમિનાર આધુનિક ટેકનેલોજી, મૂલ્યવર્ધન, નિકાસની તકો અને સરકારી યોજનાઓ અંગે માર્ગદર્શન આપશે. ઉપરાંત, આધુનિક ખેતી પદ્ધતિઓ, ડ્રિપ ઈરિગેશન, નેચરલ ફાર્મિંગ, એગ્રી-સ્ટાર્ટઅપ્સ અને માર્કેટિંગની નવી તકો પર પણ ચર્ચા થશે. તો પ્રવાસન વિભાગ દ્વારા સૌરાષ્ટ-કચ્છના પ્રવાસન સ્થળો, હેરિટેજ, ઈકો-ટુરિઝમ અને ધાર્મિક તથા દરિયાઇ પ્રવાસનની સંભાવનાઓને વૈશ્વિક મંચ પર પ્રસ્તુત કરવામાં આવશે. રોકાણ, રોજગાર અને સ્થાનિક અર્થતંત્રને ગતિ આપવા માટેની નવી તકો પર વિશેષ ધ્યાન આપવામાં આવશે.

# રાજકોટ ડિવિઝનની અપીલ : ઉત્તરાયણ મનાવો, રેલવેના ઓવરહેડ હાઈ-વોલ્ટેજ વાયરોથી અંતર જાળવો

## ૨૫,૦૦૦ વોલ્ટના હાઈ-વોલ્ટેજ તારોથી ખાસ સાવચેત રહો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ આગામી તહેવારો અને પતંગબાજીના ઉત્સાહને ધ્યાનમાં રાખીને, પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન દ્વારા જનતાની સુરક્ષા માટે એક વિશેષ અપીલ જારી કરવામાં આવી છે. રેલ પ્રશાસને નાગરિકોને સાવધ કર્યા છે કે રાજકોટ ડિવિઝનના તમામ રેલવે સેક્શનમાં ટ્રેનોના સંચાલન માટે ૨૫,૦૦૦ વોલ્ટની હાઈ-વોલ્ટેજ ઓવરહેડ ઈલેક્ટ્રિક લાઈનો કાર્યરત છે, જે અત્યંત સંવેદનશીલ અને જોખમી છે.

અવારનવાર જોવા મળે છે કે પતંગ ઉડાવતી વખતે દોરી આ વાયરોમાં ફસાઈ જાય છે. કેટલાક દોરા (માંજા) માં ધાતુના અંશ અથવા ભેજ હોવાને કારણે, તેમાંથી વીજળીનો કરંટ નીચે સુધી આવી શકે છે. આ પરિસ્થિતિ માત્ર પતંગ ઉડાવનારાઓ માટે જ નહીં, પરંતુ રેલવે ટ્રેક નજીકથી પસાર થતા લોકો માટે પણ જીવલેણ સાબિત થઈ શકે છે.

રાજકોટ ડિવિઝન દ્વારા જારી કરાયેલ મુખ્ય સૂચનાઓ અને અપીલ

(૧) ટ્રેકથી અંતરઃ સુરક્ષા અને કાયદાને ધ્યાનમાં રાખીને રેલવે ટ્રેકની આસપાસ પતંગ ન ઉડાવો.

(૨) વાયરોને ન અડકવુંઃ જો કોઈ પતંગ કે દોરી હાઈ-વોલ્ટેજ વાયરોમાં ફસાઈ જાય, તો તેને કાઢવા માટે કોઈ સળિયો, લાકડી કે અન્ય સાધનનો ઉપયોગ ક્યારેય કરશો નહીં.

(૩) બાળકોની સુરક્ષાઃ વાલીઓએ ખાસ ધ્યાન આપવું કે પતંગ પકડવાની લાલચમાં બાળકો રેલવે ટ્રેક તરફ ન દોડે.

(૪) રેલવે કર્મચારીઓની સુરક્ષાઃ ટ્રેક પર કામ કરતા રેલવે કર્મચારીઓ માટે આ ફસાયેલા દોરા સુરક્ષાની દ્રષ્ટિએ ગંભીર ખતરો પેદા કરે છે.

રેલ પ્રશાસન આશા રાખે છે કે જનતા સંપૂર્ણ સહયોગ આપીને રેલવે પરિસરમાં સુરક્ષિત વાતાવરણ જાળવવામાં મદદરૂપ થશે. તમારી સતર્કતા માત્ર તમારી સુરક્ષા જ નહીં, પરંતુ અન્યનો જીવ પણ બચાવી શકે છે.

# મોરબીમાં પ્રિ-વાઈબ્રન્ટ અંતર્ગત સૌરાષ્ટ્ર ઝોન આઈ.ટી.આઈ. પ્રોજેક્ટ/મોડેલ સ્પર્ધાનું આયોજન

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં પ્રિ-વાઇબ્રન્ટના ભાગરૂપે મોરબી આઈ.ટી.આઈ. ખાતે આગામી ૭ થી ૮ જાન્યુઆરી દરમિયાન સૌરાષ્ટ્ર ઝોન રાજકોટ વિભાગ આઈટીઆઈની પ્રોજેક્ટ મોડલ સ્પર્ધા યોજાશે. આ સ્પર્ધાઓના શુભારંભ પ્રસંગે કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા,રાજ્યમંત્રી કાંતિલાલ અમૃતિયા તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિતિ રહેશે.

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ રાજકોટ ખાતે આગામી ૧૧ અને ૧૨ જાન્યુઆરી દરમિયાન યોજાનાર છે. આ કાર્યક્રમના ભાગરૂપે રાજકોટ (સૌરાષ્ટ્ર કચ્છ રિજીયન) ની તમામ આઈટીઆઈમાંથી પસંદગી પામેલ પ્રોજેક્ટ/મોડેલની સ્પર્ધા યોજાનાર છે. આ કાર્યક્રમમાં આધુનિક ટેકનોલોજી સાથે તૈયાર કરવામાં આવેલા આ પ્રોજેક્ટ/મોડેલનું પ્રદર્શન કરવામાં આવશે. જેથી મોરબીના ટેકનોલોજી ક્ષેત્રે કંઈક નવું શીખવા ઈચ્છુક વિદ્યાર્થીઓ અને જીલ્લાવાસીઓ માટે સુવર્ણ તક છે જેથી સ્પર્ધા અને પ્રદર્શનો નિહાળવા ઉપસ્થિત રહેવા સર્વે મોરબીવાસીઓને જીલ્લા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# મોરબી જુના જાંબુડીયા ગામે વોકળા પાસે 300 લીટર દેશી દારૂ બનાવવાના ઠંડા આથા સાથે એક પકડાયો

મોરબી તાલુકા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન મોરબી તાલુકાના જુના જાંબુડીયા ગામના બેઠા પુલ નજીક વોકળા પાસે બાવળની કાંટમાં શંકાસ્પદ પ્રવૃત્તિ કરતા એક ઇસમ પાસે પહોચતા, જ્યાં ૧૫ નંગ પ્લાસ્ટિકના કેરબામાં ભરેલ દેશી દારૂ બનાવવા ઉપયોગમાં લેવાતો ઠંડો આથો આશરે ૩૦૦ લીટર કિ.રૂ.૭,૫૦૦/- મળી આવ્યો હતો. જેથી આરોપી ધીરુભાઈ છગનભાઇ વીંઝવાડીયા ઉવ.૪૯ રહે. જુના જાંબુડીયા તા.જી.મોરબી વાળાની અટકાયત કરી તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કેન્દ્રીય બજેટ પૂર્વે મોરબી સિરામિક ઉદ્યોગની માંગણીઓ, કેન્દ્રીય નાણામંત્રીને લેખિત રજૂઆત

## GST ઘટાડો, નેચરલ ગેસને GST હેઠળ લાવવો અને CGCRI સમાન લેબોરેટરી સ્થાપવાની માગ સાથે સિરામિક ઉદ્યોગને નીતિ આધાર આપવા અપીલ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સિરામિક મેન્યુફેક્ચર્સ એસોસિએશન દ્વારા કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનને પત્ર લખી કેન્દ્રીય બજેટ-૨૦૨૬માં સિરામિક ઉદ્યોગ માટે કર દરોમાં તર્કસંગતતા, ઊર્જા ખર્ચમાં રાહત, નાણાકીય સહાય અને સંસ્થાગત માળખાકીય સુવિધાઓ આપવા લેખિત રજૂઆત કરવામાં આવી છે. એસોસિએશને GST ૧૮%માંથી ૫% કરવા, નેચરલ ગેસને GST હેઠળ સમાવવાનો તેમજ મોરબી-રાજકોટ ક્લસ્ટરમાં અદ્યતન R&D અને તાલીમ સુવિધાઓ સ્થાપવાની મહત્વપૂર્ણ માગણીઓ સાથે રજૂઆત કરવામાં આવી છે.

લેખિત રજુઆતમાં જણાવ્યા અનુસાર, મોરબી-રાજકોટ સિરામિક ક્લસ્ટર આજે વિશ્વના સૌથી મોટા સિરામિક ઉત્પાદન કેન્દ્રોમાં સ્થાન પામ્યું છે. ભારતના ઔદ્યોગિક ઉત્પાદન, નિકાસ, રોજગાર સર્જન અને MSME આધારિત આર્થિક વિકાસમાં આ ક્લસ્ટરનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. આ પૃષ્ઠભૂમિમાં મોરબી સિરામિક મેન્યુફેક્ચર્સ એસોસિએશન દ્વારા કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનને પત્ર લખી કેન્દ્રીય બજેટ-૨૦૨૬ માટે ઉદ્યોગ-હિતની રજૂઆત કરવામાં આવી છે. પત્રમાં જણાવાયું છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં સિરામિક ઉદ્યોગને ઊંચા ઊર્જા ખર્ચ, ઈન્વર્ટેડ ટેક્સ સ્ટ્રક્ચર, વૈશ્વિક માંગમાં મંદી, વધતા લોજિસ્ટિક્સ ખર્ચ, પર્યાવરણીય અનુપાલનનું દબાણ તથા સસ્તી નાણાકીય સુવિધાઓની અછત જેવી ગંભીર સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને MSME એકમો માટે હાલની પરિસ્થિતિ વધુ પડકારરૂપ બની છે. એસોસિએશને પ્રથમ અને મહત્વપૂર્ણ માગણી તરીકે સિરામિક ઉત્પાદનો પર લાગુ ૧૮% GST દર ઘટાડીને ૫% કરવા રજૂઆત કરી છે. તેમનું માનવું છે કે GST ઘટાડવાથી હાઉસિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં માંગ વધશે, કરચોરીમાં ઘટાડો થશે અને MSME એકમોને રોકડ પ્રવાહમાં રાહત મળશે.

બીજી મહત્વની માગણી તરીકે નેચરલ ગેસને GSTના દાયરામાં લાવવાની અપીલ કરવામાં આવી છે. હાલ ગેસ GST બહાર હોવાથી ઇનપુટ ટેક્સ ક્રેડિટ મળતો નથી, જેના કારણે ઉત્પાદન ખર્ચ વધી રહ્યો છે. ગેસને GST હેઠળ સમાવવાથી ઉત્પાદન ખર્ચ ઘટશે અને વૈશ્વિક બજારમાં ભારતીય સિરામિક ઉત્પાદનો વધુ સ્પર્ધાત્મક બનશે. આ ઉપરાંત મોરબી-રાજકોટ સિરામિક ક્લસ્ટરમાં CGCRI (સેન્ટ્રલ ગ્લાસ એન્ડ સિરામિક રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ) સમાન અદ્યતન ટેસ્ટિંગ, R&D અને પ્રમાણપત્ર લેબોરેટરી સ્થાપવાની માગ કરવામાં આવી છે. આ સાથે સ્કિલ ડેવલપમેન્ટ, ગુણવત્તા નિયંત્રણ અને ઉત્પાદન નવીનતા માટે તાલીમ કેન્દ્રો શરૂ કરવાની પણ ભલામણ કરવામાં આવી છે. એસોસિએશને ઊર્જા ખર્ચમાં રાહત માટે ગેસ અને વીજળી પર રિયાયતી ઔદ્યોગિક દરો, કૅપ્ટિવ સોલાર પાવર, વેસ્ટ હીટ રિકવરી અને ગ્રીન ટેકનોલોજી માટે મૂડી તથા વ્યાજ સહાયની માગ કરી છે. સાથે જ MSME સિરામિક એકમો માટે લોન રી-સ્ટ્રક્ચરિંગ, વર્કિંગ કેપિટલ પર વ્યાજ સહાય અને CGTMSE ગેરંટી મર્યાદામાં વધારો કરવાની રજૂઆત કરાઈ છે. નિકાસ પ્રોત્સાહન માટે RoDTEP હેઠળ યોગ્ય દરો, મોરબી-રાજકોટ ક્લસ્ટર માટે સમર્પિત લોજિસ્ટિક્સ પાર્ક અથવા ICD (ડ્રાય પોર્ટ) તથા રેલ અને બંદર મારફતે નિકાસ પર ફ્રેટ રિબેટની પણ માગ કરવામાં આવી છે.

પત્રના અંતમાં જણાવાયું છે કે મોરબી-રાજકોટ સિરામિક ક્લસ્ટર માત્ર એક ઉદ્યોગ નહીં પરંતુ ભારત માટે વૈશ્વિક ઔદ્યોગિક સંપત્તિ છે. GSTમાં ઘટાડો, નેચરલ ગેસને GST હેઠળ લાવવો અને સંસ્થાગત માળખું મજબૂત કરવાના પગલાં લાંબા ગાળે ઉદ્યોગની સ્પર્ધાત્મકતા, ટકાઉ વિકાસ, રોજગાર સર્જન અને નિકાસ વૃદ્ધિને સુનિશ્ચિત કરશે. એસોસિએશને કેન્દ્રીય બજેટ-૨૦૨૬માં રાષ્ટ્રહિતમાં આ રજૂઆતો પર સહાનુભૂતિપૂર્વક વિચાર કરવાની વિનંતી કરી છે.

# પૂર્વ મંત્રી બ્રિજેશ મેરજાની મોરબી જીલ્લામાં ધાર્મિક-સામાજિક કાર્યક્રમોમાં સક્રિય હાજરી



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી-માળીયા (મીં) ના પૂર્વ ધારાસભ્ય તથા ગુજરાત સરકારના પૂર્વ મંત્રી બ્રિજેશ મેરજાએ ત્રણ દિવસ દરમિયાન મોરબી જીલ્લાના વિવિધ વિસ્તારોમાં ધાર્મિક, સામાજિક અને રાજકીય કાર્યક્રમોમાં ભાગ લઈ જનસંપર્ક મજબૂત કર્યો હતો. મંદિરોના દર્શનથી લઈને સામાજિક સમારંભો અને ભાજપ કાર્યાલયની મુલાકાત સુધીનો વ્યાપક કાર્યક્રમ યોજાયો હતો.

મોરબી-માળીયા(મીં)ના પૂર્વ ધારાસભ્ય તથા ગુજરાત સરકારના પૂર્વ મંત્રી બ્રિજેશ મેરજાએ તાજેતરમાં ત્રણ દિવસ દરમિયાન મોરબી જીલ્લાના વિવિધ વિસ્તારોમાં ધાર્મિક, સામાજિક તેમજ રાજકીય કાર્યક્રમોમાં હાજરી આપી હતી. તેમના આ વ્યસ્ત પ્રવાસ કાર્યક્રમ દરમિયાન તેમણે જનતા સાથે સીધો સંપર્ક સાધી સ્થાનિક મુદ્દાઓ અંગે માહિતી મેળવી હતી. પૂર્વ મંત્રી બ્રિજેશ મેરજાએ મોરબી જીલ્લાના તીથવા નજીક આવેલા પાંચાલ પ્રદેશ તરીકે ઓળખાતા ભંગેશ્વર મહાદેવ મંદિર ખાતે દર્શન કરી જલાભિષેક કર્યો હતો. ત્યારબાદ ટેકરી ઉપર આવેલા ઉમિયા માતાજીના મંદિરે પણ દર્શન કર્યા હતા. ભંગેશ્વર મંદિરના મુખ્ય ટ્રસ્ટી હંસરાજભાઈએ તેમને પાંડવોના આગમન, માતા કુંતીજી દ્વારા મહાદેવ મંદિરની સ્થાપના તથા શ્રીકૃષ્ણ ભગવાનના વિચરણ અંગે ઐતિહાસિક માહિતી આપી હતી.

આ ઉપરાંત, મોઢ વણિક અને મોઢ પંડ્યા પરિવારના માતંગી મોઢેશ્વરી માતાજીના મંદિરે દર્શન કરી ધાર્મિક પ્રવચન આપ્યું હતું. મોરબી તાલુકાના નાની વાવડી ગામે પટેલ સમાજની વાડીમાં યોજાયેલ મા રમાનાથ ધાર્મિક ઉત્સવમાં સહભાગી બની આધ્યાત્મિક મહાનુભાવ નાથાલાલ જોશીના જીવન અને કાર્ય અંગે પ્રેરક પ્રવચન કર્યું હતું. આ ઉપરાંત મોરબી શહેરમાં લોહાણા બોર્ડિંગ ખાતે શ્રી સરસ્વતી મહિલા મંડળ દ્વારા આયોજિત શ્રી રામચરિત માનસ કથાનું શ્રવણ કરી તેમણે ધાર્મિક પ્રવચન આપ્યું હતું, જેમાં આયોજકો દ્વારા તેમનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત, કડવા પાટીદાર કન્યા છાત્રાલયના પટાંગણમાં યોજાયેલ ''સરદાર કથા''માં ખાસ ઉપસ્થિત રહી સરદાર સાહેબના જીવન અને વિચારો અંગે વિસ્તૃત જાણકારી મેળવી હતી. રાજકીય કાર્યક્રમોની વાત કરીએ તો, બ્રિજેશ મેરજાએ મોરબી જીલ્લા ભાજપ કાર્યાલયની મુલાકાત લઈ કાર્યકર્તાઓ સાથે સંગઠનાત્મક ચર્ચા કરી હતી. તેમજ નાના ભેલા ગામે વહેલી સવારે કકડતી ઠંડીમાં ગામની ભાગોળે તાપણું કરીને બેઠેલા ગ્રામજનો સાથે આત્મીય સંવાદ સાધી સ્થાનિક પ્રશ્નો અને જરૂરિયાતો અંગે માહિતી મેળવી હતી.

# સરકારની મોટી વાતો વચ્ચે જમીની હકીકત શૂન્યઃ વીરપુર સરકારી હોસ્પિટલમાં આયુષ્માન કાર્ડ માટે આવતા લાચાર અને દિવ્યાંગ દર્દીઓની ઘોર ઉપેક્ષા

## ગુટલીબાજ કર્મચારીઓ અને ડોક્ટરોના કારણે દર્દીઓનેને ધરમના ધક્કા ખાવા પડે છે




**મુખ્ય સમાચાર, ઉપલેટા**

એક તરફ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશના છેવાડાના માનવી સુધી સ્વાસ્થ્ય સુવિધાઓ પહોંચાડવા માટે આયુષ્માન ભારત જેવી મોટી યોજનાઓની જાહેરાતો કરી રહ્યા છે અને કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવી રહ્યા છે. પરંતુ બીજી તરફ, યાત્રાધામ વીરપુર સામૂહિક આરોગ્ય કેન્દ્ર (CHC) માં ફરજ બજાવતા કેટલાક કર્મચારીઓની બેદરકારીને કારણે સરકારની આ નેમ ધૂળમાં મળી રહી હોય તેવો ઘાટ સર્જાયો છે.

વીરપુર સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં આયુષ્માન કાર્ડ કઢાવવા માટે આવતા જરૂરિયાતમંદ અને બીમાર દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ કાર્ડ કઢાવવા માટે આવતા દર્દીઓ કે તેમના સગા-વહાલાઓ સાથે અહીંના કર્મચારીઓ ઉદ્ધતાઈભર્યું વર્તન કરીને સંતોષકારક જવાબ આપવાને બદલે ઉડાવ જવાબો આપવામાં આવે છે.

દિવ્યાંગ અને અશક્ત દર્દીઓની મજબૂરી સૌથી ગંભીર બાબત એ છે કે, જે દર્દીઓ વ્હીલચેર પર હોય અથવા ચાલી શકવાની સ્થિતિમાં ન હોય, તેમને પણ પહેલા માળે (ઉપર) ચડવાની ફરજ પાડવામાં આવે છે. જ્યારે સગાઓ દ્વારા વિનંતી કરવામાં આવે છે કે દર્દી સીડી ચડી શકે તેમ નથી, ત્યારે માનવતા નેવે મૂકીને કર્મચારીઓ દ્વારા એવું રોકડુ પરખાવી દેવામાં આવે છે કે ''દર્દીને ઉપર જ લાવવા પડશે, બાકી કાર્ડની પ્રોસેસ નહીં થાય.''એવી હોસ્પિટલના કર્મચારીઓ દ્વારા મનમાની કરવામાં આવે છે,

સુવિધા હોવા છતાં અભાવ વીરપુર સરકારી હોસ્પિટલમાં આરોગ્યને લગતા અનેક વિભાગો આવેલા છે પરંતુ એ વિભાગોમાં ગુલ્ટીબાજકર્મચારીઓ અને ડોક્ટરરોને લઈને દર્દીઓને મુશ્કેલીઓ વેઠવી પડે છે, કેટલાક વિભાગના કર્મચારીઓ અને ડોક્ટરો પોતાની ફરજ પર સમયસર આવતા ન હોવાથી દર્દીઓને ધરમના ધક્કા થઈ રહ્યા છે, તો બીજી તરફ હૉસ્પિટલના નીચેના ગ્રાઉન્ડ ફ્લોર પર રૂમ ખાલી હોવા છતાં, તંત્ર દ્વારા આયુષ્માન કાર્ડની કામગીરી નીચે શરૂ કરવામાં આવતી નથી. માત્ર તંત્રની આળસ અને અણઘડ વહીવટને કારણે ગંભીર બીમાર દર્દીઓને ઉપરના માળે ધક્કા ખાવા પડે છે.તેમજ એમ્બ્યુલન્સની સુવિધાઓ હોવા છતાં દર્દીઓને એમ્બ્યુલન્સની સુવિધાઓની ના પાડી દેવામાં આવે છે, આમ સ્થાનિક હોસ્પિટલ તંત્રની બેદરકારીને કારણે અનેક ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ હેરાન-પરેશાન થઈ રહ્યા છે અને સરકારની શ્રેષ્ઠ સુવિધાનો લાભ મળતો નથી. કાર્ડ ન નીકળવાને કારણે તેઓ સારવારથી વંચિત રહી જાય છે.

વીરપુરની જનતા અને જાગૃત નાગરિકોની ઉગ્ર માંગ છે કે, ઉચ્ચ અધિકારીઓ આ બાબતે તાત્કાલિક તપાસ કરે. અશક્ત અને વૃદ્ધ દર્દીઓ માટે આયુષ્માન કાર્ડની વ્યવસ્થા તાત્કાલિક ધોરણે ગ્રાઉન્ડ ફ્લોર પર કરવામાં આવે અને અરજદારો સાથે અસભ્ય વર્તન કરતા કર્મચારીઓ સામે યોગ્ય પગલાં લેવામાં આવે જેથી સરકારની યોજનાનો સાચો લાભ લોકોને મળી શકે.

# વોર્ડ નં.૧૫ મફતિયાપરામાં સુવિધાઓ ઉભી કરવા કોંગ્રેસે રેલી યોજી આપ્યું આવેદન




તસ્વીર : ગૌરવ લશ્કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે વોર્ડ નં.૧૫ મફતિયાપરામાં પાકા મકાનની માગ તમામ મફતીયાપરાને રેગ્યુલરરાઇઝ કરવા સાથેનું આવેદનપત્ર આજે મનપાના વિરોધ પક્ષના નેતા વશરામ સાગઠીયા તેમજ શહેર કોંગ્રેસ પ્રમુખ રાજદિપસિંહની આગેવાનીમાં રહેવાસીઓએ સુપ્રત કર્યુ હતું. વિશાળ રેલી કાઢી કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા.

# નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ તથા જામનગર રોડ જંકશન પાસે ૩.૫૩ કરોડના ખર્ચે બનશે ભવ્ય એન્ટ્રી ગેઇટઃ આવતીકાલે રાજકોટ મનપા સ્ટે. કમિટીની બેઠકઃ ફાયર શાખા માટે ૧૦ બોટ તેમજ ૯ મીની ફાયર ફાઈટર ખરીદવા નિર્ણય લેવાશેઃ કુલ ૬૬ દરખાસ્તો માટે કરોડોના વિકાસ કામોને મંજૂરી અપાશે

# 'યુનિટી ફાઉન્ડેશન' દ્વારા ૧૨૬ લાડલી દીકરીઓનો ભવ્ય 'સર્વજ્ઞાતિય સમૂહ લગ્નોત્સવ' યોજાશે




સામાજિક ઉત્તરદાયિત્વ અને છેવાડાના માનવીની સેવા માટે કટિબદ્ધ યુનિટી ફાઉન્ડેશન - રાજકોટ દ્વારા આગામી ૮ જાન્યુઆરી ૨૦૨૬, ગુરુવારના રોજ એક ઐતિહાસિક અને અત્યંત સંવેદનશીલ 'સર્વજ્ઞાતિય સમૂહ લગ્નોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું છે. ડૉ. ભરત બોઘરા (ચેરમેન-યુનિટી ફાઉન્ડેશન) ના માર્ગદર્શન હેઠળ યોજાનારા આ મહોત્સવમાં ૧૨૬ લાડલી દીકરીઓ નવા જીવનના શ્રીગણેશ કરશે. આ સમૂહ લગ્નની સૌથી મોટી વિશેષતા તેમાં જોડાનાર યુગલોની પારિવારિક સ્થિતિ છે. સંસ્થા દ્વારા એવા યુગલોને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે જેમના શિરે માતા કે પિતાનું છત્ર નથી. કન્યા પક્ષની સ્થિતિ ૧૨૬ દીકરીઓ પૈકી ૨૩ દીકરીઓ એવી છે જેમના પિતા હયાત નથી, જ્યારે ૬ દીકરીઓએ પોતાની માતા ગુમાવી છે. આ દીકરીઓના કન્યાદાનનો લ્હાવો લઈ સંસ્થા તેમના પિતાની ખોટ પૂરવાનો નમ્ર પ્રયાસ કરી રહી છે. વર પક્ષની સ્થિતિ માત્ર કન્યા જ નહીં, વર પક્ષમાં પણ સંવેદના છલકાય છે. ૨૦ વરરાજાઓના પિતા નથી, ૨ વરરાજાની માતા નથી, જ્યારે ૪ વરરાજા એવા છે જેમના માતા-પિતા બંને હયાત નથી. આવા નિરાધાર સંતાનોના જીવનમાં આશાનું કિરણ પ્રગટાવવાનું કાર્ય યુનિટી ફાઉન્ડેશન કરી રહ્યું છે.

# જનસંઘના આગેવાન અને રાજકોટ ગ્રામ્યના ભાજપના પૂર્વ ધારાસભ્ય માધુભાઈ બાબરીયાનો આજે ૮૦મો જન્મદિવસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**



જનસંઘના અને ભાજપના રાજકોટ ગ્રામ્ય વિધાનસભા બેઠકના પૂર્વ ધારાસભ્ય માધુભાઈ બાબરીયા નો તારીખ ૭ જાન્યુઆરી ૧૯૪૬ ના રોજ ગોંડલ તાલુકાના કરમાળ કોટડા ગામે જન્મ થયેલ. આજે તેમનો ૮૦મો જન્મદિવસ છે. તેઓ રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સભ્ય ઉપરાંત પ્રદેશ ભાજપ અનુ. જાતિ મોરચાના મંત્રી તરીકે પણ સેવા આપી ચૂક્યા છે તેમજ માધુભાઈ બાબરીયા રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં ૧૯૯૦ થી ૯૫ અને ૧૯૯૮ થી ૨૦૦૨ સુધી સતત બે ટર્મ સુધી ભાજપના ધારાસભ્ય તરીકે લોકસેવા કરેલ છે તેમજ જીવનના આગામી વર્ષોમાં ઈશ્વર તેઓનુ આરોગ્ય અને તંદુરસ્તી સ્વસ્થ અને સુખી રાખે તેવી પરીવાર જનો, મિત્રો અને શુભેચ્છકો તેમના મોબાઈલ નંબર ૯૮૨૪૧ ૫૨૨૬૦ ઉપર શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ભોમેશ્વરમાં બાબજી એવન્યુની અગાસી પરથી વ્હોરા યુવકની લાશ મળી: હત્યા કે આત્મહત્યા?




### છેલ્લા ત્રણેક દિવસથી સંપર્ક ન થતાં બહેન દોડી આવતાં અગાસી પરથી ભાઈ અબ્બાસનો મૃતદેહ મળી આવ્યો, પાસેથી છરી મળી, ગળાના અને છાતીના ભાગે ઈજાના નિશાન



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભોમેશ્વઆ આવેલ બાબજી એવન્યુ નામની બિલ્ડીંગની અગાસી પરથી ૪૦ વર્ષીય વ્હોરા યુવકની લાશ મળી આવતા ખળભળાટ મચી ગયો હતો. બનાવની જાણ થતા ઉચ્ચ પોલીસ અધિકારીઓની સાથે ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી અને સ્થાનિક પોલીસની ટીમો દોડી ગઈ હતી અને તપાસનો ધમધમાટ આદર્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ, ભોમેશ્વર શેરી નં.૮ માં આવેલ બાબજી એવન્યુના પાંચમા માળેથી સવારે એક લોહીલુહાણ લાશ મળી આવતાં પોલીસને જાણ કરાઈ હતી. બનાવની જાણ થતા ગાંધીગ્રામ પોલીસની સાથે ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા પણ ઘટનાસ્થળે દોડી આવ્યાં હતા. તેમજ ક્રાઈમ બ્રાન્ચ અને એલસીબીની ટીમોએ પણ દોડી આવી તપાસનો ધમધમાટ શરુ કર્યો છે

આ બનાવ અંગે પોલીસ સુત્રોમાંથી મળતી વિગત મુજબ, મૃતકનું નામ અબ્બાસભાઈ યુસુબભાઈ મર્ચન્ટ (ઉ.વ.૪૦) છે. તેઓ બે ભાઈ એક બહેનમાં મોટા હતાં અને ઢેબર રોડ પર દરજીની દુકાન ચલાવતાં હોવાનું સામે આવ્યું છે. મૃતક ૪૦૨ નંબરના ફ્લેટમાં એકલાં રહેતાં હતા. છેલ્લા ત્રણેક દિવસથી તેમનો સંપર્ક ન થતાં તેમના બહેન તપાસ કરવા આવ્યાં હતાં. તે દરમિયાન બનાવની જાણ થઈ હતી.

મૃતકની લાશ પાસેથી છરી મળી આવી છે અને ગળા અને છાતીના ભાગે ઈજાના નિશાન છે. જેથી મૃતકની હત્યા થયાની આશંકાથી પણ તપાસ હાથ ધરી છે. ઉપરાંત મૃતકે આપઘાત કર્યાની પણ શંકા સેવાઈ રહી છે. હાલ પોલીસે મૃતદેહને પીએમ અર્થે સીવીલ હોસ્પિટલમાં ખસેડી સીસીટીવી ફુટેજ અને ફ્લેટ ધારકોની પુછ્તાછ આદરી તપાસ હાથ ધરી છે.

ભોમેશ્વરમાં આવેલ બાબજી એવન્યુની અગાસી પરથી વ્હોરા યુવકની લાશ મળી આવતા પોલીસ કાફલો દોડી ગયો હતો. અને મૃતદેહની બાજુમાંથી છરી સાથે શરીરે ઈજાના નિશાન મળતાં હત્યાની આશંકાએ તપાસનો ધમધમાટ શરુ કર્યો છે

# જેતપુરના ચારણ સમઢીયાળા ગામે બુટલેગરે કાકાના ઘરમાં સંતાડેલ દારૂનો જથ્થો ઝડપાયો

### સ્થાનિક પોલીસે દરોડો પાડી નાનીમોટી વિદેશી દારૂની ૧૦૬૦ બોટલ તેમજ રૂ.૫.૪૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી બુટલેગરની શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જેતપુરના ગ્રામ્ય વિસ્તારોમાં વિદેશી દારૂનું પુરજોશમાં વેચાણ થતું હોવાની ફરીયાદોના પગલે જેતપુર તાલુકા પોલીસે ચારણ સમઢીયાળા ગામે રહેણાંક મકાનમાં દરોડો પાડી બુટલેગરે છુપાવેલો રૂ.૫.૪૦ લાખનો દારૂનો જથ્થો ઝડપી લઇ બુટલેગરની શોધખોળ શરૂ કરી છે.

આ અંગેની માહિતી મુજબ જેતપુર તાલુકા પોલીસ મથકના પીઆઇ એ.એમ.હેરમાની સુચનાથી એએસઆઇ ભુરાભાઇ, ભીમાભાઇ, વિપુલભાઇ, હેડ કોન્સ. અજીતભાઇ સહિતનો સ્ટાફ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ચારણ સમઢીયાળા ગામનો બુટલેગર કૃપાલસિંહ દીલુભા પરમારએ તેના કાકાના રહેણાંક મકાનમાં દારૂનો જથ્થો સંતાડયો હોવાની હકિકતના આધારે પોલીસે ઉપરોક્ત સ્થળે દરોડો પાડતા બુટલેગર કૃપાલસિંહ પરમાર ફરાર થઇ ગયો હતો. પોલીસે રહેણાંક મકાનમાં તલાસી લેતા વિદેશી દારૂની બે લીટરની બોટલો અને ૧૮૦ એમએલના ચપલા સહિત કુલ ૧૦૬૦ બોટલ દારૂનો જથ્થો કિંમત



રૂ.૫.૪૦ લાખનો મળી આવતા પોલીસે દારૂનો જથ્થો કબ્જે કરી બુટલેગર કૃપાલસિંહ પરમારની શોધખોળ આદરી છે.

# સરકારી પ્રેસ રોડ પર કારમાં ૭૨૦ દારૂના ચપલા સાથે બુટલેગર ઝડપાયો

### ગુન્હાનિવારણ શાખાની ટીમે દરોડો પાડી કાર સહિત રૂ.૩.૯૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી સપ્લાયરની શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમન પૂર્વે ઠેરઠેર પોલીસનો ચાપતો બંદોબસ્ત હોવાથી બુટલેગરો દારૂની હેરાફેરી કરી શકતા ન હોય જેના કારણે પ્યાસીઓ તલપાપડ બની દારૂની અછતનો સામનો કરી મોઢે માગ્યા રૂપિયા આપી દારૂ ખરીદતા હોય ત્યારે બુટલેગરો પણ કમાઇ લેવાની લહાયમાં એનકેન પ્રકારે દારૂનું જથ્થો મગાવવાનું શરૂ કર્યુ હોય તેવામાં ગુન્હનિવારણ શાખાની ટીમે સરકારી પ્રેસ રોડ પર ૭૨૦ વિદેશી દારૂના ચપલા ભરેલ કાર સાથે એક શખ્સને દબોચી લઇ રૂપિયા ૩.૯૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ ગુન્હાનિવારણ શાખાની ટીમના ઇન્ચાર્જ પીઆઇ એમ.આર.ગોંડલીયા, એમ.જે.હુણની સુચનાથી એએસઆઇ મહિપાલસિંહ, ધનશ્યામસિંહ, હેડ કોન્સ. હરદેવસિંહ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, પ્ર.નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ સરકારી પ્રેસ રોડ પર વિદેશી દારૂનું કટીંગ થવાનું હોય જેથી પોલીસે સરકારી પ્રેસ રોડ પર વોંચ ગોઠવી હતી. ત્યારે વોકસવેગન પોલો કાર નં.જીજે૦૧કેએફ૧૭૩૭ માં એક શખ્સ શંકાસ્પદ રીતે નિકળતા પોલીસે કારનો પીછો કરી પ્રભાસ કોમ્પ્લેકક્ષ પાસે કારને અટકાવી તલાસી લેતા કારમાંથી લંડન સ્પ્રાઇડ વિકસી ૧૮૦ એમએલ પ્લાસ્ટીકના ચપલા નંગ ૭૨૦ કિંમત રૂ.૧.૯૦ લાખનો જથ્થો મળી આવતા કારનો ચાલક જયેશ ઉર્ફે જયુ અનિલ મકવાણા (રહે.ભાલકા તિર્થ પાછળ, પ્રભાસપાટણ, જી.સોમનાથ)ની ધરપકડ કરી કાર સહિત રૂ.૩.૯૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી દારૂનો જથ્થો સપ્લાય કરનાર સુરેન્દ્રનગર જિલ્લાના વાવડી ગામના બુટલેગર સંજય રમેશ બાહુકીયાની શોધખોળ આદરી છે.

# ટીલાળા ચોક નજીક ડમ્પર હડફેટે બાઈક સવાર ૭ વર્ષની બાળકીનું પિતાની નજર સામે જ કરૂણ મોત

### લગ્ન જીવનના ૨૨ વર્ષે જન્મેલી દીકરીને લઇ પિતા આંટો મારવા નીકળ્યાને કાળ ભરખી ગયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દંપતિને ૨૨ વર્ષે દીકરીનો જન્મ થતાં પરિવારમાં ખુશીની લાગણી છ્વાઈ ગઈ હતી. જો કે દંપતિના નસીબમાં જાણે સંતાન ન હોય તેમ ૭ વર્ષની થયેલી દીકરીનું પિતાની નજર સામે જ અકસ્માતમાં કરૂણ મોત નિપજતાં પરિવારમાં કલ્પાંત છ્વાઈ જવા પામ્યો છે.

જાણવા મળતી વિગત મુજબ, ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ઉમિયા ચોક પાસે આવેલા જશરાજનગર શેરી નં.૫માં રહેતાં ભાવેશભાઈ રમણીકભાઈ વકારીયા (ઉ.૫૨) નામના આધેડ સવારે તેની સાત વર્ષની પુત્રી નેતીને લઈ બાઈક ઉપર આંટો મારવા માટે નીકળ્યા હતાં. દરમિયાન ૧૧ વાગ્યાના અરસામાં નવા રીંગ રોડ પર મવડી બાયપાસ પાસે ટીલાળા ચોક નજીક પહોંચતાં પુરપાટ ઝડપે આવતાં ડમ્પર ચાલકે બાઈકને હડફેટે



લેતાં અકસ્માત સર્જાયો હતો. ડમ્પરે બાઈકને ઠોકરે લેતાં બાઈક સ્વાર પિતા-પુત્રી રોડ ઉપર ફંગોળાયા હતાં અને પિતાની નજર સામે જ માસુમ પુત્રીનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું.

અકસ્માતને પગલે ઘટના સ્થળે લોકોના ટોળા એકઠા થઈ ગયા હતાં. ઈજાગ્રસ્ત આધેડને ૧૦૮ મારફત સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. બનાવની જાણ થતાં લોધિકા પોલીસ મથકના મનોજભાઈ સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી બાળકીના મૃતદેહને પી.એમ.અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવા તજવીજ હાથ ધરી હતી.

પ્રાથમિક તપાસમાં ભાવેશભાઈ પ્લાસ્ટીકના દાણાનો વેપાર કરે છે અને તેના પત્ની કાજલબેન શિક્ષક છે. દંપતિને ૨૨ વર્ષે પુત્રી મૈતીનો જન્મ થયો હતો. નેતી પી.એન્ડ.બી.સ્કૂલમાં ધો.૧માં અભ્યાસ કરતી હતી. આજે સવારે પત્ની સ્કૂલમાં નોકરીએ ગયા બાદ પિતા પુત્રીને લઈ આંટો મારવા નીકળ્યા હતાં ને રસ્તામાં જ કાળમુખા ડમ્પરે અકસ્માત સર્જતા માસુમ પુત્રીનો ભોગ લેવાયો હતો. એકની એક પુત્રીના મોતથી વણીક પરિવારમાં કરૂણ કલ્પાંત સર્જાયો છે. અકસ્માતની જાણ થતાં લોધિકા પોલીસે તાત્કાલીક ઘટના સ્થળે દોડી જઈ અકસ્માત સર્જનાર ડમ્પર ચાલકની ધરપકડ કરી તેના વિરૂધ્ધ ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.

# હડમતીયા ગોલીડા ગામે બાળાનું રમતા-રમતા જંતુનાશક દવા પી જતા મોત

### શ્રમિક દંપતીએ બાળકીના હાથમાંથી દવાની બોટલ ઝુંટવી હોસ્પિટલમાં ખસેડી પરંતુ જીવ ન બચ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના હડમતીયા ગોલીડા ગામે વાડીમા ખેત મજુરી કરતા શ્રમીક પરીવારની એક વર્ષેની બાળા રમતા રમતા જીરૂમા છાટવાની દવાનો ઘુટડો પી જતા તેમનાં માતા-પિતાએ પુત્રીને સારવાર અર્થે રાજકોટની ઝનાના હોસ્પીટલમા ખસેડી હતી. પરંતુ ત્યા સારવાર દરમ્યાન બાળકીનુ મૃત્યુ નીપજતા પરીવારમા શોક છ્વાઈ ગયો છે.



આ અંગેની વિગતો મુજબ આજીડેમ નજીક આવેલા હડમતીયા ગોલીડા ગામમા રહેતા કમલેશભાઈ નામનાં યુવાનની ૧ વર્ષની દીકરી નાનકી જયદીપભાઈની વાડીએ રમતી હતી ત્યારે તેણીએ રમતા રમતા જીરુમા છાટવાની દવાની બોટલ હાથમા આવી જતા તેમણે એક ઘુટડો પી લીધો હતો. અને બાદમા તેમના માતા-પિતા જોઈ જતા બાળકી પાસેથી આ બોટલ ઝુટવી લીધી હતી પરંતુ એ સમયે બાળકીને તબીયત લથડતા તેમણે સારવાર માટે રાજકોટ શહેરની ઝનાના હોસ્પીટલમાં ખસેડવામા આવતા તેમનુ સારવાર દરમ્યાન મૃત્યુ નીપજયુ હતુ. પરીવારની પુછપરછમા જાણવા મળ્યુ હતુ કે મૃતક બાળકી એક ભાઈ બે બહેનમા વચેટ હતી અને તેમનાં માતા-પિતા જયદીપભાઈની વાડીએ ખેત મજુરી કરે છે તેમજ મૃતકનો પરીવાર મુળ મધ્યપ્રદેશનો વતની હોવાનુ જાણવા મળ્યુ છે માસુમ દીકરીનાં મૃત્યુથી પરીવારમા શોક છ્વાઈ ગયો છે.

# વેલનાથપરામાં પત્ની રિસામણે ચાલી જતા પતિએ ગળાફાંસો ખાઈ કર્યો આપઘાત

### યુવાનના મોતથી ત્રણ પુત્રએ પિતાનું છત્ર ગુમાવતા પરિવારમાં શોક

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી રોડ ઉપર આવેલા વેલનાથપરામાં રહેતી પરિણીતા ત્રણ દિવસ પૂર્વે ઝઘડો કરી ગ્રીનલેન્ડ ચોકડી પાસે રહેતા માવતરે રિસામણે ચાલી ગઈ હતી. જેથી પતિને માઠું લાગી આવતા ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. યુવકના મોતથી ત્રણ પુત્રએ પિતાનું છત્ર ગુમાવતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ મોરબી રોડ ઉપર આવેલા વેલનાથપરામાં રહેતા ભાવેશભાઈ વિઠ્ઠલભાઈ વેજીયા નામનો ૩૫ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો. ત્યારે



રાત્રીના આઠેક વાગ્યાના અરસામાં લાકડાની આડીમાં દોરી બાંધી ગળેફાંસો ખાઇ લીધો હતો. યુવકને બેભાન હાલતમાં તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી નિષ્પ્રાણ જાહેર કરતા પરિવારમાં અરેરાટી સાથે કરૂણ કલ્પાંત સર્જાયો હતો. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે બી ડિવિઝન પોલીસને જાણ કરતા બી ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી યુવકના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મેડિકલ કોલેજ ખાતે ખસેડયો હતો.

પ્રાથમિક પૂછપરછમાં મૃતક યુવાન મૂળ હડાળા ગામનો વતની હતો અને અહીંયા રૂમ ભાડે રાખી રહેતો અને રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. મૃતક યુવાન ત્રણ ભાઈ એક બહેનમાં વચ્ચેટ હતો અને તેને સંતાનમાં ત્રણ પુત્ર છે. ત્રણ દિવસ પહેલા પત્ની સરોજબેન ઝઘડો કરી ગ્રીનલેન્ડ ચોકડી ખાતે રહેતા માવતરના ઘરે રિસામણે ચાલી જતા ભાવેશ વેજીયાએ આત્મઘાતી પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે બી ડિવિઝન પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# માધાપર ચોકડી નજીક એબીડી હોટલ પાસે ટ્રાન્સપોર્ટના ધંધાર્થીએ ઝેરી દવા પી કર્યો આપઘાત

### ઓફિસેથી ઘરે આવતી વખતે વૃદ્ધે રસ્તામાં આત્મઘાતી પગલું ભર્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નાગેશ્વર પાસે શાંતિનગરમાં રહેતા ટ્રાન્સપોર્ટના ધંધાર્થી વૃધ્ધએ માધાપર ચોકડી નજીક એબીડી હોટલ પાસે કોઈ કારણસર ઝેરી દવા પી લેતા તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં. અહીં સારવાર દરમિયાન વૃધ્ધનું મોત થયું હતું. વૃધ્ધે કયાં કારણસર આ પગલું ભરી લીધું તે જાણી શકાયું ન હોય વૃધ્ધના આપઘાતનું કારણ જાણવા પોલીસે તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ જામનગર રોડ પર નાગેશ્વર પાસે શાંતિનગર શેરી નં.૩ માં રહેતા હરસુખભાઇ પ્રભુદાસભાઈ વિઠ્ઠલાણી (ઉ.વ. ૭૧) નામના વૃધ્ધે સાંજે પોણા છ વાગ્યા આસપાસ બાઇક લઈ પોતાની ટ્રાન્સપોર્ટની ઓફિસથી ઘરે જતા હતા ત્યારે બેડી ચોકડી પાસે માધાપર ચોકડી હાઈવે પર એબીડી હોટલ નજીક કોઈ કારણોસર ઝેરી દવા પી લીધી હતી. બાદમાં તેમને સારવાર માટે સિનર્જી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં. અહીં સારવાર દરમિયાન ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતાં. બનાવના પગલે ગાંધીગ્રામ પોલીસ મથકના પીએસઆઈ ડી.જે.જોષીએ અહીં હોસ્પિટલ પહોંચી જરૂરી કાર્યવાહી કરી વૃધ્ધના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે હોસ્પિટલ ખસેડી જરૂરી કાર્યવાહી કરી હતી. વૃધ્ધે કયાં કારણસર આ પગલું ભરી લીધું તે અંગે પરિવારજનો અજાણ હોય પોલીસે વૃધ્ધના આપઘાતનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

# શાપરમાં મિલકત મુદ્દે પુત્ર અને પુત્રવધુ ત્રાસ આપતા હોવાના આક્ષેપ સાથે વૃદ્ધાએ એસિડ પીધુ

### અગાઉ મારકૂટ કરતા શાપર પોલીસમાં અરજી કરી હોવાનું વૃદ્ધ જનેતાનું કથન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર-વેરાવળમાં રહેતા ૮૦ વર્ષિય વૃધ્ધાને પુત્ર અને પુત્રવધુ મિલકત બાબતે ત્રાસ આપતા હોય જેથી કંટાળી વૃધ્ધાએ એસિડ પી - આપઘાતનો પ્રયાસ કરતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ અંગે શાપર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની જાણવા મળતી



વિગત મુજબ શાપર-વેરાવળમાં સર્વોદય સોસાયટી શેરી ન.૧૪માં રહેતા કેશરબેન નથુભાઇ મકવાણા (ઉ.વ.૮૦) નામના વૃધ્ધાએ સવારે પોતાના ઘરે એસીડ પી લેતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી શાપર-વેરાવળ પોલીસને જાણ કરી હતી. પ્રાથમિક તપાસમાં કેશરબેનના પતિ નિવૃત્ત શિક્ષક છે. તેમને સંતાનમાં ત્રણ દીકરા અને એક દિકરી છે. મોટો દીકરો પ્રવિણ અને તેની પત્ની શાંનતાબેન મિલકત બાબતે ત્રાસ આપતા હોય અગાઉ પણ મારકૂટ કરી હતી. ત્યારે કેશરબેને પુત્ર અને પુત્રવધુ વિરૂધ્ધ શાપર પોલીસમાં અરજી કરી હતી. બાદમાં પુત્ર પ્રવિણે પણ માતા વિરૂધ્ધ અરજી કરી હોય. આમ પુત્ર અને પુત્રવધુ મિલકત બાબતે ત્રાસ આપતા હોય જેથી કંટાળી વૃધ્ધાએ આ પગલું ભરી લીધાનું જણાવ્યુ હતું. આ અંગે શાપર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ત્રણ કલાસમેટ વાસ્તવીક જીવન પર બનાવી ફિલ્મ 'મોજે દરિયા'

### ગુજરાતી ફિલ્મોના રસિયાઓ માટે ૧૬મીથી મોજે દરિયા થીયેટરમાં રીલીઝ થશે: પડકાર, સંવેદના અને કોમેડીના ત્રિભેટે બનેલી ફિલ્મ દર્શકોને ચોક્કસ પસંદ આવશે




**મુખ્ય સમાચાર, રાજકોટ**

હાલમાં ગુજરાતી ફિલ્મોનો સમય ચાલી રહ્યો છે અને એક એકથી ચડિયાતી ફિલ્મો આવી રહી છે ત્યારે આ બધાથી હટકે એવી ઝૈન-જીને સ્પર્શતી કોમેડી પરંતુ પડકારો અને સંવેદનાથી ભરેલી ફિલ્મ 'મોજે દરિયા' આગામી તા. ૧૬ને-શુક્રવારના રોજ રીલીઝ થઇ રહી છે. આ ફિલ્મના ડીરેક્ટર પૈરી મજુમદાર તથા ફિલ્મની સ્ટારકાસ્ટે આજે રાજકોટમાં પત્રકારો સાથેની વાતચીતમાં આ ફિલ્મની કથા અને તેની પાછળ કલાકારોએ કરેલા સંઘર્ષની વાતો કરી હતી. આ ફિલ્મ દર્શકોને ચોક્કસ પસંદ આવશે તેવી આશા પણ તેઓએ વ્યક્ત કરી હતી.

આ ફિલ્મ યશ્વી શાહ, રાકેશ ડોલી અને અક્ષયકુમાર હેડાએ પ્રોડ્યુસ કરી છે. આ ફિલ્મના કલાકારોમાં માનવ ગોહિલ, ધાર્મિક બારોટ, પ્રશાંત બારોટ, સિદ્ધાર્થ ડોલી, દર્શન લશ્કરી, સુરજ નાયક, કમલેશ ઓઝા, પ્રફુલ પંડિતા, વર્શીલ પારેખ, ખુશી પટેલ, હિતુલ પુજારા, તક્ષ શાહ, ભાવેશ શ્રીમાળી, ધ્રુવરાજસિંહ સોલંકી, નીરમા સોની, હિતેશ ઠક્કર, હેમીન ત્રિવેદી અને સુનીલ વિસરાની વગેરેનો સમાવેશ થાય છે.

જેમ દરેક ગામમાં કે દરેક શહેરમાં યુવાનો સાથે મળીને ક્રિકેટ રમતા હોય છે તેવી રીતે આ ફિલ્મમાં પણ કેટલાક યુવાનો બોક્સ ક્રિકેટનો આનંદ માણતા હોય છે અને પછી એક દિવસ તેમના મનમાં સપનાના વાવેતર થાય છે કે આપણે કાંઈક મોટુ એચીવ કરવું છે. કોઈને એમ વિચાર આવે કે આ કોઈ મોટીવેશનલ ફિલ્મ છે પણ જેમ જેમ વાર્તા આગળ વધતી જાય છે તેમ તેમ તેમાં હાસ્યરસ ઉમેરાતો જાય છે અને આખી ફિલ્મ કોમેડી પીરસનારી બની જાય છે.

ફિલ્મના લોન્ચ થયેલા ટ્રેલર પ્રમાણે આ યુવાનો સૈનકેન પ્રકારે પૈસાદાર થવા માગે છે અને આ માટે કાફે શરુ કરીને ડીલીવરી બોય બને છે. આ સમયે જ પરિવારમાં પૈસાની જરૂર પડતા ગુજરાતમાં પ્રતિબંધિત એવા શેમ્પેઇનની બોટલોની ડીલીવ-રી કરવાનું જોખમી કામ હાથમાં લ્યે છે. આ ડીલીવરી કરવા જતી વખતે પોલીસ આવે છે, અફડાતફડી થાય છે અને પછી આ ડીલીવરી બોય ફસાય છે તેવું દર્શાવાયું છે. આ મુસીબત-માંથી તે કેવી રીતે બહાર નીકળે છે તે જોવા માટે આ ફિલ્મ જોવી જ રહી.

એકંદરે આ ફિલ્મ આજની નવી પેઢીને ચોકકસ ગમી જાય તેવી છે તેવો દાવો ફિલ્મના ડીરેક્ટરે કર્યો હતો.

ઘણી વખત ફિલ્મોમાં કોઈ પાત્ર એવા હોય છે કે જે પડદા ઉપર થોડો સમય માટે જ દેખાય છે પણ દર્શકોના મનમાં ઊંડી છાપ છોડી જતા હોય છે. રાજકોટના યુવા કલાકાર હિતુલ પુજારા તેમના એક છે. તાજેતરની જ બ્લોક બસ્ટર મુવી ધુરંધરમાં અક્ષય ખન્નાના પુત્ર નઈમ બલોચનું પાત્ર ભજવનાર હિતુલ પુજારા પુષ્પા સીરીયલમાં બાદશાહનું પાત્ર પણ ભજવ્યું હતું અને ઉર્વશી રીતેલા સહિતની અભિનેત્રીઓ સાથે એક ફિલ્મ પણ કરી છે. હિતુલ પુજારાને સ્કુલના સમયથી જ એક્ટિંગનો શોખ હતો અને ધો. ૧૦ પછી એક્ટિંગના વર્કશોપમાં જોડાઈને અભિનયના પાઠ ભણ્યો હતો. આગળ જઈને હિતુલે વ્હીસલિંગ વુડઝ ઈટરનેશનલમાં તાલીમ લીધી અને અભિનયનો મોજે દરિયા ફિલ્મમાં હિતુલ રોહન નામના ડીલીવરી બોયનું પાત્ર ભજવે છે.

# મહીલા કોલેજ અંડર બ્રીજ પાસેથી બાઇકની ઉઠાંતરી કરનાર તસ્કર બેલડી ઝડપાઈ

### કેટીએમ બાઈક ચાલુ નહીં થતાં ગઠિયાએ મિત્રને બોલાવી ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરનાં ત્રીકોણબાગ પાસે આવેલા શુલભ સૌચાલ્ય પાસે વાહન ચેકીંગ દરમ્યાન બે શખ્સોને ચોરાઉ કેટીએમ બાઈક સાથે એ ડીવીઝન પોલીસે ઝડપી લીધા હતા બંનેની પુછ્પરછ દરમ્યાન આ કેટીએમ બાઈક મહિલા કોલેજ અંડરબ્રીજ પર આવેલા એલઆઇસીની ઓફીસ પાસેથી ચોરી કરી હોવાની કબુલાત આપી હતી. વધુ વિગતો મુજબ એ ડીવીઝન પોલીસ મથકનાં પીઆઈ બોરીસાગરનાં માર્ગદર્શન હેઠળ ડી સ્ટાફનાં હેડ કોન્સ્ટેબલ કનુભાઈ બસીયા, સાગરભાઈ અને રમેશભાઈ સહીતનો સ્ટાફ ત્રીકોણબાગ નજીક આવેલા શુલભ સૌચાલય પાસે વાહન ચેકીંગ કરતો હતો ત્યારે બે શખ્સો ત્યાથી કેટીએમ બાઇક લઈને નીકળતા




બંનેને અટકાવ્યા હતા બંનેની પુછ્પરછ કરતા તેઓએ તેઓનાં નામ નાકરાવાડી નજીક પીપડીયા ગામે રહેતા સંજય ચતુર સોલંકી અને તેની સાથેનાં કાનો વીનુભાઈ મકવાણા હોવાનુ જણાવ્યુ હતુ. બંનેની પુછપરછ કરતા તેઓએ કાગળ નહીં હોવાનુ જણાવ્યુ હતુ અને ત્યારબાદ સઘન પુછ્પરછ દરમ્યાન કબુલાત આપી હતી કે તેઓએ આ બાઇક મહીલા કોલેજ અંડર બ્રીજ પાસે પાર્ક કર્યું હતુ ત્યાંથી ચોરી કર્યુ હતુ. બંને સામે વાહન ચોરી સહીત ચારેક ગુના નોંધાઈ ચુક્યા છે.

# મહિલાને ઈન્સ્ટાગ્રામમાં ગાળો આપી, પતિએ મુકેલી રીલ્સમાં અશ્લિલ કોમેન્ટ કર્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

થોરાળા વિસ્તારમાં રહેતી ૩૦ વર્ષની મહીલાએ ઇન્સ્ટાગ્રામ આઈડી કબીરા ૫૧૦ અને પંકજ વાઘેરા નામનાં આઈડી ધારક સામે આઇટી એકટ હેઠળ ફરીયાદ નોંધાવી છે. આ ફરીયાદમાં મહીલાએ જણાવ્યુ હતુ કે આરોપીઓ ઇન્સ્ટાગ્રામ પર મેસેજ કરતા હોય તેમને મેસેજ કરવાની ના પાડતા અલગ અલગ આઈડી પરથી અભદ્ર ભાષામાં ગાળો આપતા મેસેજ કરતા હતા, અને ત્યારબાદ તેઓએ કરીયાદીનાં પતિનાં ઇન્સ્ટાગ્રામ આઈડીયા મુકેલ સ્ટોરીમા અવિલ કોમેન્ટ કરી ફરીયાદી મહિલાની પ્રતિષ્ઠાને હાની પહોંચાડે તેવુ કૃત્ય કરતા મહીલાએ સાયબર સેલ પોલીસ મથકે પહોંચી બંને આઇડી ધારકો વિરુધ્ધ કરીયાદ નોંધાવી હતી. આ ઘટનામા પીઆઇ એસ ડી ગીલવા અને ટાકે આરોપીઓની તપાસ શરૂ કરી છે.